Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬ :: અંક ૪ થો

વીર સંવત્ ૨૪૭૦ ※ વિક્રમ સંવત્ ૨૦૦૦

માહ

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું } માહ { વીર સં. ૨૪૭૦
અંક ૪ થો } { વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका

૧. શ્રી અભિનંદન જિન સ્તવન ... ... ... ... ... ૯૭
૨. શ્રી ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન ... ... (હી. ૨.) ૯૮
૩. कराल काल की क्रूर दृष्टि ... ... ... (રાજમલ ભંડારી) ૯૯
૪. શ્રી પ્રશ્નસિંધુ : ૪ ... ... ... (આ. શ્રી વિજયપદ્મસૂરિ) ૧૦[illegible]
૫. કેટલાક ન્યાય. ... ... (પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૧૦૪
૬. વીરવિલાસ : ૧૩ ... ... ... ... ... (મૌક્તિક) ૧૦૬
૭. નાની નાની કથાઓ (૪) ... ... ... ... (કુંવરજી) ૧૦૯
૮. પ્રશ્નોત્તર ... ... ...(પ્રશ્નકાર-માણેકચંદ નાગરદાસ રંઘોળા) ૧૧૨
૯. નીતિમય વચનો ... ... ... (મુનિશ્રી વિદ્યાનંદવિજયજી) ૧૧૫
૧૦. જૈનોના આગમિક સાહિત્યના ઈતિહાસની સમાલોચના ... ...
(જીવરાજભાઇ ઓધવજી દોશી) ૧૧૬
૧૧. શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૩ ... ...
(ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) ૧૧૮
૧૨. સુવર્ણ ... ... ... ... (રાજપાળ મગનલાલ વ્હોરા) ૧૨૩
૧૩. પ્રભાવિક પુરુષો : પટ્ટધરબેલડી : ૭ ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૨૪

### શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને સૂચના

આ વર્ષે ભેટ આપવાની બુકો તૈયાર થઇ ગઇ છે. સં. ૧૯૯૯ ના ચૈત્રથી સં. ૨૦૦૦ ના આસો સુધી વર્ષ ૧ તથા સાત માસના લવાજમના રૂા. ૨ાા પોણા ત્રણ આવ્યેથી બુકો મોકલી આપવામાં આવશે. જેઓએ લવાજમ સં. ૨૦૦૦ ના ફાગણ સુધી ભરી દીધું હોય તેઓએ એક રૂપિયો મોકલવો. માહ શુદિ પુનમ સુધીમાં લવાજમ નહીં આવે તો ત્યારબાદ ભેટના પુસ્તકોનું વી. પી. કરવામાં આવશે. વી. પી.ના નાહકના ખર્ચમાંથી બચવા માટે વેળાસર લેણું થતું લવાજમ મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

પોષ માસના અંકથી " જૈન ધર્મ પ્રકાશ "ની પ્રકાશનની તારીખ ફરી છે. માસિક દર અંગ્રેજી મહિનાની પાંચમી તારીખને બદલે હવેથી તા. ૨૫ મીએ બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૬૦ મું | અંક ૪ થો. } માહ { વીર સં. ૨૪૭૦ | વિ. સં. ૨૦૦૦

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

# શ્રી અભિનંદન જિન સ્તવન

( તીરથની આશાતના નવિ કરીએ–એ દેશી. )

અભિનંદન જિન ચિત્તથી ન વિછડીએ, ન વિછડીએ રે;
ન વિછડીએ, નવિ મોહ–રિપુથી ડરીએ, તજીએ સંસાર.
॥ અભિનંદન જિન૦ ॥ ૧ ॥

નાથ વિછડતા ભવભવમાં ભમીએ, પરવશતા લોકની કરીએ;
દુઃખ દોહગ સંતતિ લહીએ, ચૂકીએ નિજ ભાવ. ॥ અભિ૦ ॥ ૨ ॥
પુદ્ગલભાવ વિભાવને નવિ ભજીએ, નિજગુણ વિલાસ વિલસીએ;
આલંબન જિનનું ધરીએ, મૂર્તિ સુખકાર. ॥ અભિ૦ ॥ ૩ ॥
સ્થિતિ આલંબન જીવની સદ્દહીએ, નિરાલંબન સાતમે થઇએ;
શુદ્ધાલંબન વિણ ભવ ભમીએ, ભજીએ ભગવાન. ॥ અભિ૦ ॥ ૪ ॥
અનુકમ્પા જલસ્નાનને નિત્ય કરીએ, સંતોષ ચીવરને ધરીએ;
વિવેક તિલક શુભ કરીએ, આશય શુભ જાણુ. ॥ અભિ૦ ॥ ૫ ॥
વર સુમનસ અંગપૂજનમાં, ધૂપાદિક અગ્રપૂજનમાં;
સ્તવનાદિક ભાવ ભજનમાં, ધરીએ શુભ ચિત્ત. ॥ અભિ૦ ॥ ૬ ॥
વિધિ વિવેક વિલાસને વિલસીએ, વિભાવ વિભૂતિ ન ભજીએ;
ભવભીતિ સદા મન ધરીએ, કરીએ શિવ પ્રેમ. ॥ અભિ૦ ॥ ૭ ॥
સુરશિવગતિ પૂજનનું ફળ કહીએ, આ ભવમાં પણ સુખ લહીએ;
પરભવમાં એમ વિલસીએ, **રુચક** શિવરાજ. ॥ અભિનંદન જિન૦ ॥ ૮ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગૌતમસ્વામીનું કેવલજ્ઞાન

વાણીથી નક્કી તુજ ઈન્દ્રભૂતિ ! એ દેવશર્મા પ્રતિબોધ પામે;
શબ્દો સુણી એ પ્રભુ વીરકેરા, ગણેશ માંડે પગલાં અધીરા. ૧
મુક્તિ થશે વીરની સોળ યામે, જાણે નહિ ગૌતમ વિપ્રવર્ય;
પાછા ફરંતા દીઠી દિવ્ય જ્યોતિ, વલોવી નાંખે ઉર એમનું એ. ૨
જાણી જનોથી 'વીર મુક્તિ પામ્યા, ચૈતન્ય ભાંગ્યું નયનો મીંચાયાં;
ઢળ્યા ધરાએ ડૂસકાં ન માયે, મૂર્ચ્છા વળી જ્યાં કરતા વિલાપ. ૩
ઓ વીર! ઓ વીર! તને શું સૂઝ્યું ? અંતિમ કાળે દૂર હાંકી કાઢયો;
ઝાલી શું છેડા તુજને હું રોકું, એથી સિધાવ્યો નિજ શિષ્ય[illegible] ૪
પડાવું તારા સુખમાં હું ભાગ, વિચાર વર્ત્યો યદિ તુજ વિ[illegible]
ઔદાર્ય ને નિર્ભયતા ઘટે કાં ? અનંત શાને વળી મુક્તિ સુખ ? ૫
ગયો ન તેડી તુજ સાથ કેમ ?, શરીર ભારી નવ જીવ મારો;
ભારી ન આત્મા ન લઘુ વળી એ, જાતે નહિ વા કદી અન્યસંગે. ૬
આચાર ને તત્ત્વ વિષે કહ્યું તેં, સ્વીકાર્યું મેં એ ન ઉઠાવી શંકા;
અનન્ય શ્રદ્ધા તુજમાં જ રાખી, તેનો નતીજો વીર ! આ શું અર્પ્યો ? ૭
હોઠો સુકાયા મુજ 'વીર' શબ્દે, ધારી ન હૈયે પ્રતિમા બીજાની;
સાક્ષી પૂરે કેવલી ! તુજ જ્ઞાન, જાગી ન તો યે પ્રીતિ ઉર તારે. ૮
લઈ જતે તું યદિ હાથ ઝાલી, વાત્સલ્ય તારું દીપતે અખંડ;
સંકીર્ણ ના મુક્તિપુરી બને છે, ભલે કરોડો જન સિદ્ધ થાયે. ૯
છે તુજ આયુ વીર ! કેટલુંયે, પૂછ્યું નહિ મેં ન વિચાર કીધો;
જ્ઞાને હતું યદ્યપિ શ્રુત પૂર્ણ, સૂઝી ન બુદ્ધિ મુજ મંદ ભાગ્યે. ૧૦
મુક્તિને પામે નહિ પુણ્યથી યે, એને ગણે છે જિનશાસ્ત્ર બેડી;
પ્રશસ્ત રાગ વળી ન્યાય એવો, સાચે ત્રુટી એ વીતરાગતાની. ૧૧
દીક્ષા હું જેને અર્પું બને તે સર્વજ્ઞ, છદ્મસ્થ રહું હું જાતે;
મમત્વ મારું તુજ ઉપરે જે, રોકી રહ્યું કેવલજ્ઞાન મારું. ૧૨
ખરી ખરી છે વીર ! નીતિ તારી, એમાં ન એકે કંઇ પક્ષ બારી;
'કોનો તું વીર ! મમતા વિદારું' આવ્યો વિચાર ખીલ્યું જ્ઞાન પૂરું. ૧૩
બળે બીજાના ન સ્વરાજ લાધે, તીર્થેશતા યે સ્વબળે વરાય;
આપી અપાયે નવ મુક્તિ કો દિ', કર્માનુસારી ગતિ સર્વની છે. ૧૪
ગણેશકેરું પદ ગર્વ અર્પે, કલ્પાન્ત હે ગૌતમ ! જ્ઞાનપૂર્ણ;
રાગ *ગણાયો ગુરુભક્તિ તારી, અદ્ભુત ચારિત્ર બીજું ન ભાળું. ૧૫

સં૦ હી. ર.

* અપ્રસિદ્ધ પુસ્તકમાંથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कराल काल की क्रूर दृष्टि

कराल काल तेरी गति न जाने कोई ।
पल में क्या ? कल में क्या ? क्या करे दोई ॥
समय असमय का भान न तुझ को होई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ १ ॥

वृद्ध तरुण नहीं बाल जनों तु देखे ।
खीलती कली विकसता कुसुम नहीं तु पेखे ॥
ऐ निष्ठुर कराल काल ? क्याये ही नीति चलाई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ २ ॥

भले बलवान हो गुणवान हो सम्राट हो कैसे ?
इन्द्र हो वा महेन्द्र हो या तीर्थंकर जैसे ॥
पड़ता है तु सब के पीछे हाथ को धोई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ ३ ॥

ऐ कराल काल ! विश्वासघात तु करता ।
चलते फिरते प्राणी को भी पल में हरता ॥
बिना सूचना उन प्राणी का जीवन धन हरे लेई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ ४ ॥

तेरी गति के आगे सब प्रयत्न निष्फल हो जाते ।
हज़ार उपाय होते भी नहीं एक काम में आते ॥
बड़े बड़े सर्ज़न डॉक्टर वैद्य निराश हो जाई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ ५ ॥

सब प्राणी इस तेरे कार्य से हैं घबराते ।
दिन हीन अशरण वन वन के भय पाते ॥
फिर भी उनकी पुकार नहीं सुनता कोई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ ६ ॥

सता सती व संत ऋषि मुनि त्यागी ध्यानी ।
हो जगतपूज्य व योगनिष्ठ हो कैसा ज्ञानी ॥
क्रूर दृष्टि है सब पर तेरी न इस में संशय होई ।
कराल काल तेरी गति न जाने कोई ॥ ७ ॥

राजमल भंडारी—आगर ( मालवा )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—સમ્યક્ત્વ ગુણ પામ્યા બાદ તેને કાયમ ટકાવી રાખનારા ભવ્ય જીવો-વધારેમાં વધારે સાત ભવ સુધી અથવા આઠ ભવ સુધી જન્મ મરણ કરે, તે પછી જરૂર મુક્તિપદને પામે એમ શ્રી શીલાંકાચાર્ય મહારાજે શ્રીસૂત્રકૃતાંગ સૂત્રના ચૌદમા અધ્યયનની ટીકામાં જણાવ્યું છે. ૫૫.

૫૬. પ્રશ્ન—ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્મલ સમ્યગ્દર્શન છતાં નરકમાં જાય, તેનું શું કારણ ?

ઉત્તર—ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યા પહેલાં જેણે મિથ્યાદષ્ટિ અવસ્થામાં નરકાયુષ્યનો બંધ કર્યો હોય તે જીવ નરકમાં જાય. આ બાબતમાં કૃષ્ણ મહારાજાનું ને શ્રેણિક રાજાનું દૃષ્ટાંત સમજવું. તે બંને રાજાઓએ મિથ્યાત્વ નિમિત્તે નરકાયુષ્યનો બંધ કર્યાબાદ ક્ષાયિક સમ્યક્ત્વ મેળવ્યું-"જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં જ તે આયુષ્ય ભોગવાય." આ નિયમ પ્રમાણે કૃષ્ણ મહારાજા ત્રીજી નરકે ગયા ને શ્રેણિક રાજા પહેલી નરકે ગયા. જો સમ્યગ્દર્શન પામ્યા બાદ આયુષ્યનો બંધ થાય તો મનુષ્ય અને તિર્યંચ દેવાયુષ્યને જ બાંધે. નરકમાં જવાનું કારણ મિથ્યાત્વ નિમિત્તે બાંધેલ નરકાયુષ્ય છે, પણ તે સમ્યગ્દર્શન નરકમાં જવાનું કારણ નથી. નરકે જવાનું કોઇને પણ ગમે જ નહિં, પણ નરકાયુષ્યનો બંધ થયા પછી એવો કોઇ પણ ઉપાય છે જ નહિ કે જેથી નરકમાં જવાનું ન થાય, એમ શ્રી તીર્થંકર દેવ વગેરે લોકોત્તર મહાપુરુષો જાણે જ છે; માટે બાલબ્રહ્મચારી પ્રભુશ્રી નેમિનાથ ભગવંતે કૃષ્ણ મહારાજાને જણાવ્યું કે-નરકાયુષ્યનો બંધ કરેલ હોવાથી જો કે તમારે નરકમાં જવું પડશે, પણ ત્યાંથી નીકળીને અનુક્રમે આવતી ચોવીશીમાં તમે બારમા અમમ નામે તીર્થંકર થશો, એમ શ્રી અંતગડદશાંગાદિ અનેક ગ્રંથોમાં જણાવ્યું છે. પ્રભુશ્રી મહાવીર દેવે પણ શ્રેણિક રાજાને એ પ્રમાણે જણાવીને છેવટે કહ્યું કે—તમે આવતી ચોવીશીમાં પહેલા પદ્મનાભ નામે તીર્થંકર થશો. જે પુણ્યશાળી જીવોએ અંતિમ ભવની પહેલાના ત્રીજા ભવમાં જિનનામકર્મનો નિકાચિત ( મજબૂત ) બંધ કર્યો હોય તેઓ ભવિષ્યમાં જરૂર તીર્થંકર થાય જ. આ બાબતમાં દૃષ્ટાંત પ્રભુશ્રી મહાવીરદેવનું સમજવું. તે પ્રભુ પચ્ચીસમા ભવમાં નંદન મુનિ નામના શ્રમણ હતા. તેમણે વીશ સ્થાનક તપ વગેરેની આરાધના કરી જિનનામકર્મનો નિકાચિત બંધ કર્યો, તેથી તે પરમતારક શ્રમણ ભગવંત મહાવીરદેવ સત્યાવીશમા ભવમાં આ ચોવીશીના છેલ્લા તીર્થંકર થયા. જિનનામકર્મનો સામાન્ય બંધ થયો હોય ત્યાં કોઇ વખત એવું પણ બને છે કે—અશુભ કારણોના સંસર્ગને લઇને તે ( જિનનામકર્મ ) સત્તામાંથી નીકળી જાય છે. આ બાબતમાં શ્રી મહાનિશીથ સૂત્રમાં કમલપ્રભાચાર્યનું દૃષ્ટાંત જણાવ્યું છે. ૫૬.

૫૭. પ્રશ્ન—ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ નરકમાં જાય તો કઇ કઇ નરકમાં જાય ?

ઉત્તર—૧. રત્નપ્રભા. ૨. શર્કરાપ્રભા. ૩. વાલુકાપ્રભા. આ ત્રણ નરકમાં જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ ચોથી નરક વગેરેમાં જાય નહિ, માટે જ ક્ષાયિક સમ્યક્ત્વની સત્તા હોય તો પહેલી ત્રણ નરકમાં જ હોય એમ શ્રી પ્રવચનસારોદ્ધારાદિમાં જણાવ્યું છે. ૫૭.

૫૮. **પ્રશ્ન**—ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ઔપશમિક સમ્યક્ત્વ આ ત્રણ સમ્યક્ત્વમાંનું કોઇ પણ સમ્યક્ત્વ નરકગતિમાં રહેલા નારક જીવોને હોય કે નહિ?

ઉત્તર—નરક ગતિમાં કેટલાએક લઘુકર્મી (જેઓને મોહનીય આદિ કર્મોનો તીવ્રોદય વર્ત્તતો નથી તેવા) ભવ્ય જીવો પણ હોય છે. આમાંના પહેલી નરક, બીજી નરક અને ત્રીજી નરકના જીવોને જો ક્ષાયિક સમ્યક્ત્વ હોય, તો તે પાછલા ભવનું મેળવેલું જ જાણવું. પણ એ ત્રણ નરકમાં નવું ક્ષાયિક સમ્યક્ત્વ પ્રકટ થાય જ નહિ, કારણ કે-ક્ષાયિક સમ્યક્ત્વ પામવાની ક્રિયાનો શરૂ કરનાર જિનકાળિક મનુષ્ય જ હોવો જોઇએ એમ '**पट्ठवगो अ मणुस्सो निट्ठवगो चउसु विर्ल्ईसु**' આ વચનથી જણાય છે. તથા એ શરૂઆતની ત્રણ નરકમાંની કોઇપણ નરકના જીવો નવું ઔપશમિક સમ્યક્ત્વ પામી શકે છે. એટલે જેવી રીતે પાછલા ભવનું ક્ષાયિક સમ્યક્ત્વને કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વને લઇને કેટલાએક જીવો અહીં આવે છે તેવી રીતે પાછલા ભવનું ઔપશમિક સમ્યક્ત્વ લઇને અહીં આવે જ નહિ, કારણ કે તેવા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો તેને વમીને જ નરકમાં જાય; માટે એ ત્રણ નરકમાં જો ઔપશમિક હોય તો તે ત્યાં નવું થયેલું જ હોય એમ સમજવું. આ મુદ્દાથી જ પ્રવચનસારોદ્ધારાદિમાં કહ્યું છે કે-"**औपशमिकं ताद्भविकमेवेत्यादि,**" અને એ રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા નરકમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ બંને રીતે ઘટી શકે છે. એટલે લઘુકર્મી જીવો પાછલા ભવનું તે લઇને પણ આવે, ને અહીં નવું પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી શકે છે. આ કારણથી કહ્યું છે કે-"**क्षायोपशमिकं पुनरुभयथाऽपि प्राप्यते**" આ જ પ્રમાણે છેલ્લી ચાર નરકમાં પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની બીના ઘટાવવી, પણ અહીં પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભામાં ક્ષાયિક સમ્યક્ત્વ ન ઘટાવી શકાય, કારણ કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો અહીં ઉપજતા જ નથી, માટે ક્ષાયિક સમ્યક્ત્વ હોય જ નહિ. આથી એમ જણાવ્યું કે-છેલ્લી ચાર નરકમાં બે સમ્યક્ત્વની વિચારણા કરવી. કહ્યું છે કે—"**शेषपृथ्वीचतुष्टयनारकाणां तु क्षायिकं नास्त्येव तेषां तेष्वनुत्पत्तेः, इतरे क्षायोपशमिकौपशमिकसम्यक्त्वे भवतस्ते च पूर्ववद्भ्दितव्ये**" વધુ વિવેચન પ્રવચનસારોદ્ધારના ૧૪૯ માં વગેરેમાં કર્યું છે. ૫૮.

૫૯. **પ્રશ્ન**—દેવગતિમાં ક્ષાયિક, ક્ષયોપશમિક ને આપશમિક સમ્યક્ત્વ કઈ રીતે ઘટાવી શકાય?

ઉત્તર—અઠ્ઠાવનમા પ્રશ્નના ઉત્તરમાં શરૂઆતમાં પહેલી ત્રણ નરકની અંદર જે રીતે ત્રણે સમ્યક્ત્વ ઘટાવ્યા, તે જ પ્રમાણે વૈમાનિક દેવોમાં પણ તે ક્ષાયિકાદિ ત્રણ સમ્યક્ત્વ ઘટાવવા એટલે વૈમાનિક દેવોમાં ક્ષાયિક સમ્યક્ત્વ પારભવિક જ (પાછલા ભવનું જ) હોય, ને ઔપશમિક સમ્યક્ત્વ-તાદ્ભવિક (તે દેવભવનું જ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ બંને રીતે વૈમાનિક દેવોને ઘટી શકે. એટલે તે પારભવિક પણ હોય ને તાદ્ભવિક પણ હોય. કહ્યું છે કે—"**देवगतौ वैमानिकदेवानां त्रिविधमपि सम्यक्त्वं, आद्यनरकपृथ्वीत्रयनारकवद्भेदितव्यं**" તથા ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી દેવોમાં ઔપશમિક સમ્યક્ત્વ તાદ્ભવિક જ હોય ને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ બંને રીતે ઘટે, એટલે પારભવિક પણ હોય ને તાદ્ભવિક પણ હોય. ક્ષાયિક સમ્યક્ત્વવાળા કોઇ પણ જીવ હોય જ નહિ; કારણ કે–ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ભવ્યજીવો તે ત્રણે પ્રકારના દેવોમાં જાય જ નહિ. પ્રવચનસારોદ્ધારની ટીકામાં કહ્યું છે કે–"**भवनपतिव्यंतरज्योतिष्काणां क्षायिकसम्यक्त्वं नास्त्येव क्षायिकसम्यग्दृष्टीनां तेषु भवनपतिव्यंतरज्योतिष्केषूत्पादव्यतिरेकादिति**"

૬૦. પ્રશ્ન—મનુષ્યગતિમાં ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વ કઇ રીતે ઘટાવી શકાય ?

ઉત્તર—૧. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અને ૨. અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા.–આ રીતે મનુષ્યો બે પ્રકારના છે તેમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને ઔપશમિક સમ્યક્ત્વ તાદ્ભાવિક જ હોય, કારણ કે–અહીં તેમને તે નવું ઉત્પન્ન થાય છે. પાછલા ભવનું ઔપશમિક સમ્યક્ત્વ લઇને તેઓ અહીં આવી શકે નહિ, માટે તેમને ઔપશમિક સમ્યક્ત્વ પારભવિક ન હોય એમ સમજવું. બાકીના બે સમ્યક્ત્વ પારભવિક પણ હોય ને તાદ્ભવિક પણ હોય. અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને ઔપશમિક સમ્યક્ત્વ તાદ્ભવિક જ હોય ને ક્ષાયિક સમ્યક્ત્વ પારભવિક જ હોય. અહીં ક્ષાયોપશમિક સમ્યક્ત્વને અંગે બે અભિપ્રાય છે, તે આ પ્રમાણે જાણવા–કર્મગ્રંથકારના અભિપ્રાયે તે તાદ્ભવિક જ હોય, ને ક્ષાયોપશમિક પારભવિક પણ હોય એમ સિદ્ધાંતકાર અભિપ્રાય જણાવે છે. આ રીતે શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર ટીકા પ્રવચનસારોદ્ધાર ટીકાદિમાં જણાવ્યું છે. ૬૦

૬૧. પ્રશ્ન—પંચેન્દ્રિયતિર્યંચોમાં ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ઔપશમિક સમ્યક્ત્વ કઇ રીતે ઘટાવી શકાય ?

ઉત્તર—સાઠમા પ્રશ્નોત્તરમાં મનુષ્યના બે ભેદોની માફક તિર્યંચોના પણ બે ભેદ જાણવા, તે આ પ્રમાણે–૧. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો. ૨. અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો. અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચોમાં ઔપશમિક સમ્યક્ત્વ તાદ્ભવિક જ હોય, ને ક્ષાયિક સમ્યક્ત્વ પારભવિક જ હોય તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ–કર્મગ્રંથકારના અભિપ્રાયે–તાદ્ભવિક જ હોય ને સિદ્ધાંતકારના અભિપ્રાયે પારભવિક પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય. બાકીના એકેન્દ્રિયાદિ જીવોને તે ત્રણ સમ્યક્ત્વોમાંનું એક પણ ન હોય. તેથી તેમને ઉદ્દેશીને તે ત્રણ સમ્યક્ત્વની વિચારણા જણાવી નથી. આ બાબતમાં વિસ્તારથી જાણવાના જિજ્ઞાસુઓએ પ્રવચનસારોદ્ધારાદિમાંથી જોઇ લેવું. ૬૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાક ન્યાય

( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

( અનુસંધાન પૃષ્ઠ )

"લેખાંક ૧"માં સૂચવાયા મુજબ મારે આ લેખનો ઉપયોગ એની પહેલાના લેખમાં જે ન્યાયોનો નિર્દેશ કરાયેલો છે તેની સમજણ આપવા માટે કરવો જોઇએ, પરંતુ "લેખાંક ૧" લખાયો અને એ સંપૂર્ણતયા પ્રકાશિત થાય છે એ દરમ્યાન કેટલાક ગ્રંથો મારા વાંચવામાં આવ્યા છે. એ પૈકી કોઈ કોઇમાં મને નવા ન્યાયનું દર્શન થયું છે એટલે એ ન્યાયોની હું પ્રથમ નોંધ લેવા લલચાઉં છું જેથી જૈન સાહિત્યમાં આવતા ન્યાયોની કામચલાઉ સૂચી તૈયાર થઈ જાય.

**ધવલાના** પહેલા ત્રણ ભાગમાં અંતમાં ન્યાયોની સૂચી નથી, જ્યારે એના ચોથા અને પાંચમા ભાગમાં એ છે અને એનો નિર્દેશ તો મેં "લેખાંક ૧" ( પૃ. ૪૮ ) માં કર્યો છે.

ભારતીય સાહિત્યમાં રૂપક ગ્રંથ તરીકે પ્રથમ સ્થાન ભોગવનાર અને સમસ્ત જાગતિક સાહિત્યમાં પણ આવું અનેરું સ્થાન ભોગવનાર **ઉપમિતિભવપ્રપંચા** કથામાં ન્યાયોનો નિર્દેશ છે. એના કર્તા **સિદ્ધર્ષિ** છે અને એની રચના એમણે વિક્રમ સંવત્ ૯૬૨ માં કરી છે. ઉપલક દૃષ્ટિએ તપાસ કરતાં એમાં મને નીચે મુજબના ન્યાય જણાયા છે.

કૂપદર્દુર ( પૃષ્ઠ ૮૨૮ )[1], ગલે પાદિકા ( પૃ. ૨૮૪ ), ઘર્ષણઘૂર્ણન ( પ્રસ્તાવ૬, પત્ર ૨૯૭ ), ઘુણાક્ષર ( પ્રસ્તાવ ૮ ) અને તિલપીડક ( પત્ર ૨૯૬ )[2].

આ પૈકી 'કૂપદર્દુર' ની સાથે ન્યાય શબ્દનો પ્રયોગ કરાયેલો નથી. વિશેષમાં ૭૧૫ પૃષ્ઠમાં જે નીચે મુજબનું પદ્ય છે એ 'વિષવૃક્ષ' ન્યાયનું સૂચન કરે છેઃ—

"हा हा मयेदं नो चारु कृतं यत् सुतभर्त्सनम् ।
विषवृक्षोऽपि संवर्ध्य स्वयं छेत्तुमसाम्प्रतम् ॥"

**મોક્ષાકરગુપ્તે** રચેલ **તર્કભાષા**( પૃ. ૧ )માં તેમજ **ચિત્સુખી** ( ૧, ૧૧ )માં, **આત્મતત્ત્વવિવેક** ( પૃ. ૪૫ ), **ખંડનોદ્ધાર** ( પૃ. ૭ અને ૧૨૪ ) માં 'ગલે પાદુકા' ન્યાયનો ઉલ્લેખ છે, તો શું 'ગલે પાદિકા' એ ઉલ્લેખ ભ્રાન્ત છે?

કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિ**( વિ. સં. ૧૧૪૫–૧૨૨૯ )કૃત **પરિશિષ્ટપર્વ**માં સર્ગ ૧, શ્લોક ૨૪૧ માં 'કદમ્બકોરક' ન્યાયનું અને સ. ૭, શ્લો. ૯૪ માં 'સ્થાલીપુલાક' ન્યાયનું સૂચન છે. વિશેષમાં એના સ. ૧, શ્લો. ૬૩ માં તો 'સિંહાવલોકન ન્યાય' એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

---

૧. અહીં જે પૃષ્ઠસંખ્યા આપી છે તે ઇ. સ. ૧૮૯૯–૧૯૦૭ માં પ્રો. પિટર્સન અને યકોબીદ્વારા સંપાદિત આવૃત્તિ પ્રમાણેની છે, જ્યારે પત્રાંકનો નિર્દેશ દે. લા. જૈ. પુ. સંસ્થાદ્વારા પ્રકાશિત આવૃત્તિનો છે. એમાંથી એકે પુસ્તક મારી સામે ન હોવાથી આમ કર્યું છે.

૨. "શ્રી સિદ્ધર્ષિ" ના અંતમાં ઘર્ષણઘૂર્ણન અને ઘુણાક્ષર એ બે જ ન્યાયોનો ઉલ્લેખ છે; બાકીના ત્રણનો ત્યાં નિર્દેશ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોવિન્દસૂરિના શિષ્ય **વર્ધમાનસૂરિ**એ વિ. સં. ૧૧૯૭ માં **ગુણરત્નમહોદધિ** નામનો વ્યાકરણનો ગ્રન્થ રચ્યો છે અને તેના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. આમાં અનેક ન્યાયોનો નિર્દેશ છે એટલું જ નહિ, પણ તેનું સ્પષ્ટીકરણ પણ અપાયેલું છે. જેમકે અજાકૃપાણીય ( ૩–૧૯૬ ), અન્ધકવર્તકીય ( ૩–૧૯૫ ), અર્ધજરતીય ( ૩–૧૯૫ ), ગોમયપાયસીય ( ૩–૧૯૬ ), ઘુણાક્ષર ( ૩–૧૯૫ ), શરપુરુષીય ( ૩–૧૯૬ ), શર્કરોન્મજ્જનીય ( ૩–૧૯૬ ? ) અને શ્યેનકપોતીય ( ૩–૧૯૫ ).

સહસ્રાવધાની શ્રી **મુનિસુન્દરસૂરિ** કે જેમને વિ. સં. ૧૪૭૮ માં ‘ આચાર્ય ’ પદવી મળી હતી અને જેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૫૦૩ માં થયો હતો તેમણે **અધ્યાત્મકલ્પદ્રુમ** રચેલ છે. એના ૧૮૧ મા પદ્યમાં ‘ અજાગલકર્તરી ’ ન્યાયનો ઉલ્લેખ છે.

**રત્નશેખરસૂરિ**એ વિ. સં. ૧૪૯૬ માં **અર્થદીપિકા** રચી છે. એ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી છપાયેલી છે. એના સંપાદકમહાશયે ૨૨ મા પત્રમાં આઠ લૌકિક ન્યાયો ગણાવ્યા છે. વાસ્તવિક રીતે એ ન્યાય નથી, પણ લોકોક્તિ છે, એટલે હું અહીં નોંધતો નથી.

**કૃપાવિજય**ના શિષ્ય અને વિ. સં. ૧૭૬૦ માં **સપ્તસંધાનમહાકાવ્ય** રચનારા ઉપાધ્યાય **મેઘવિજયે**[1] **ભક્તામર સ્તોત્ર** ( શ્લો. ૨૪ )ની વૃત્તિ ( પૃ. ૬૫ ) માં “ **भाविनि भूतोपचारः** ” એ ન્યાયનો ઉલ્લેખ કર્યો છે.

‘ કલિકાલસર્વજ્ઞ ’ **હેમચન્દ્રસૂરિ**એ રચેલા **વીતરાગસ્તોત્ર** ઉપર **દેવભદ્ર**ના પટ્ટધર **પ્રભાનન્દે** **દુર્ગપદપ્રકાશ** નામનું વિવરણ રચ્યું છે. એના ૨૪ મા પત્રમાં **गले पादिका** ન્યાયનો ઉલ્લેખ છે. એ જ ન્યાય **ઉપમિતિભવપ્રપંચા** કથામાં પણ નિર્દેશાયેલ છે. ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ **જ્ઞાનબિન્દુ**માં સાત ન્યાયોનો નિર્દેશ કર્યો છે તે નીચે મુજબ છે.

**अर्थैव धियां विशेषः** ( પૃ. ૪૭ ); **अर्धजरतीय** ( પૃ. ૧૬ વગેરે ), **गोबलीवर्द** ( પૃ. ૧૩ ), **गोवृष** ( પૃ. ૧૦ ), **धर्मी** ( પૃ. ૧૮ ), **मनो यदसाधारणम्** ( પૃ. ૨૦ ) અને **सापेक्षमसमर्थम्** ( પૃ. ૩૮ ).

૪૧ મા પૃષ્ઠમાં “ **चक्षुष्मान् सर्वं पश्यति, न त्वन्धः** ” એવી પંક્તિ છે. આને માટે ‘ન્યાય’ એવો શબ્દ વપરાયેલો નથી, પણ આ પ્રકરણના સંપાદકે ૧૨૮ મા પૃષ્ઠમાં એની ન્યાય તરીકે ગણના કરી છે. એટલે એ વાત સ્વીકારીએ તો ન્યાયની સંખ્યા આઠની થાય.

બૌદ્ધ સાહિત્યમાં પણ ન્યાયો નજરે પડે છે. દાખલા તરીકે ‘ અંધગજ ’ ન્યાયનું દર્શન **ઉદાનસુત્ત**માં થાય છે અને કાકદન્તપરીક્ષા ન્યાયનું દર્શન **ન્યાયબિન્દુ**ની ટીકા( પૃ. ૧ )માં થાય છે.

અંતમાં એ ઉમેરીશ કે “ લેખાંક ૧ ” તૈયાર કરાયા બાદ ઉપાધ્યાય શ્રી **કસ્તૂરવિજયગણિજી** સાથે ન્યાયો વિષે વાત નીકળતાં તેમણે **લૌકિકન્યાયાંજલિ** નામનું પુસ્તક

૧. એમણે યુક્તિપ્રબોધના નામથી ઓળખાવાતો ગ્રન્થ રચ્યો છે તેમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે જે ૮૪ બોલનો તફાવત છે તે દર્શાવી શ્વેતાંબર મંતવ્યનું મંડન કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

(૧૩[1])

**[2]શિવસાધક બાધક ટાણે જી; જિનવર જયકારી**
**સુરસુખ તે દુઃખ કરી જાણે જી; જિનવર જયકારી.**

દેવલોકમાં સુખ કેવું હશે તે પ્રથમ વિચારી જવા જેવું છે. એની કલ્પના તો કોઇ મહાકવિ જ આપી શકે. એક પ્રસંગે મારા સહધર્મચારિણીની સાથે પંચગનીના બાંકડા પર બેઠા બેઠા એ વિષે વિસ્તારથી વાત થયેલ હતી. શાસ્ત્રસંપ્રદાયથી એનું તે વખતે આળેખેલ ચિત્ર અત્ર પ્રથમ રજૂ કરું છું. એ ચિત્રની સત્યતા અનુભવવા તે તો ત્યારબાદ પંચગનીમાં જ ચાલી ગઇ. તે વખતે મેં દોરેલ કલ્પનાચિત્ર આપણે પ્રથમ જોઇ જઇએ. સામે ચારે તરફ લીલોતરી વિકાસ પામી હોય, આખી વનરાજી હસી રહેલી હોય, નીચે ખીણમાં પાણીનો મધુર પણ મંદ મંદ અવાજ કાનને સ્પર્શ કરતો હોય, સામે આખો પર્વત લીલોતરીથી છવાઇ ગયો હોય, તેવા માગશર માસમાં સુવાસિત પુષ્પોની વચ્ચે જે શાંતિ છવાઈ રહે તેનો ખ્યાલ મોટરનાં ભુંગળાં અને ગાડાના કિચૂડ કિચૂડ અવાજ વચ્ચે ચાલતા ફેરીઆના અવાજ અને તદ્દન અસ્વાભાવિક બાંધકામોની વચ્ચે આવવો મુશ્કેલ છે. કયાં પંચગનીનું સૌંદર્ય ! શી એની નૈસર્ગિકતા ! કેવી એની શીતળતા ! અને કયાં પ્રાસાદોની હારાવલિ ! વસ્તુઓની ગંધ ! અને માનવમેદિનીની ઢંગધડા વગરની વચનવિલાસિતા ! શાંત કુદરતના વાતાવરણ વચ્ચે મગજમાં જે ખ્યાલ આવ્યા તે તાજા કરવાનો આ પ્રયત્ન છે, અને અમુક અપેક્ષાએ ખૂબ યાદ કરી તાજા કરવા યોગ્ય છે.

દેવગતિમાં જન્મથી માંડીને આખા જીવનમાં સ્થૂળ સુખ ચાલુ મળ્યા કરે છે. પ્રથમ એની ઉત્પત્તિ વિચારીએ. દેવને નવ માસ સુધી ગર્ભની અશુચિમાં રગદોળાવાનું હોતું નથી. અતિ સુંદર દેવશય્યામાંથી એ ઉદ્ભવે છે, એમાં કોઇ પ્રકારની દુગંચ્છાનો પ્રસંગ

૧. પં. શ્રી વીરવિજયજીની પૂજા વગેરે કૃતિના ધ્વનિ, કાવ્યગેયતા અને માધુર્ય બતાવતી આ લેખમાળાની સંખ્યા છે. લેખ તદ્દન સ્વતંત્ર હોઈ આગલા લેખના અનુસંધાન વગર વાંચી શકાય તે રીતે લખેલ છે.

૨. ચોસઠ પ્રકારની પં. શ્રી વીરવિજયજીકૃત પૂજા પૈકી પંચમ દિવસે ભણાવાતી આયુષ્ય કર્મની પૂજામાંથી બીજી ચંદનપૂજાની છેલ્લી સાતમી કડીનો પૂર્વાર્ધ. ( પૂજા સુરાયુ નિગડભંજન માટે રચાયલી છે એમ એના મંત્ર પરથી જણાય છે. )

જોઇ જવા સૂચવ્યું હતું. એ ઉપરથી એ મંગાવી સાદ્યન્ત વાંચી જવા વિચાર હતો, પણ તેમ બન્યું નથી. એટલે હવે તો “ લેખાંક ૨ ” માં ન્યાયો સમજાવતી વેળા, કોઇ જૈન ગ્રંથમાંથી ન્યાયો નોંધાવાના રહી ગયા હશે અને તે આમાં હશે તો તેનો ત્યાં ઉલ્લેખ કરી સમજુતી અપાશે એટલું સૂચવી વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનતો નથી. એ ઉદ્ભવે ત્યારે અનેક દેવદેવીઓ એને 'જય જય નંદા ! જય જય ભદ્રા'ના સુમધુર સ્વરથી વધાવી લે છે. વગર શીવેલા સુંદર વસ્ત્રથી સુસજ્જ શરીર સાથે એ શય્યામાંથી ઊઠે ત્યારે સુંદર શબ્દોનો ઘોષ સાંભળે છે. ત્યારથી માંડીને એને આનંદ, સુખ અને વિલાસ જ પ્રાપ્ત થાય છે.

ચારે તરફ લીલાછમ કલ્પવૃક્ષો, વિમાનોની શોભા, અપ્સરાઓનાં નાચ, ગાયકોનાં ગુલતાન અને નાટકોનાં દર્શન આખો વખત ચાલુ રહે છે, એની રત્નભૂમિમાંથી આખો વખત પ્રકાશનાં કિરણો ઊઠયાં કરે છે. લાલ રંગનાં જળથી ભરેલાં અને કમળોથી શોભિત અનેક જળાશયો ત્યાંની ભૂમિમાં હોય છે અને અનેક રૂપવાન લલનાઓ સાથે આવા જળાશયમાં જળવિહાર કરવામાં સમય પસાર થાય છે. કલ્પના રત્નમય અનેક પુસ્તકો ત્યાં હોય છે. મરજી પડે ત્યારે તેનું વાંચન કરવાનું, દેવદેવીઓ સાથે વિહાર કરવાનું અને નાટક જોવાનું ચાલુ બન્યા કરે છે. ત્યાં નથી રજ કે મળ, ત્યાં નથી ગડબડાટ કે નથી ધમાલ, ત્યાં નથી પૈસા કમાવાની દોડાદોડ કે નથી સહન કરવાના શેઠીઆઓના કાંટાદાર હુકમો.

ઇચ્છા થાય ત્યારે લોમાહાર કરવાનો, યથેચ્છ ફરવાનું, વાપી વિગેરે જળાશયમાં અને એની આસપાસ સ્વૈરવિહાર કરવાનો. ઇચ્છિત ભોગ ભોગવવાના અને એકસરખી લહેર કરવાની અને મોટા આયુષ્યની ખાતરી હોઇને એમાંથી કયારે છૂટવાનું થશે એ પ્રશ્નની વિચારણાની ગેરહાજરી. કોઇ જાતના વ્યાધિ કે મંદવાડનો અભાવ, દવાના કડવા ઘુંટડા પીવાની તકલીફનો અભાવ અને સુંદર વસ્ત્રાભૂષણની અને રત્નમણિમૌક્તિકમાળાની સુલભતા. ઉચ્ચ ભુવનોમાં અજબ પ્રકારનાં સંગીત સાથે વિશિષ્ટ શય્યા અને તેના પર સૂતાં સૂતાં કરોડો વર્ષોનો સમય આનંદમાં પસાર કરવાની સગવડ. ગળામાં કદી ન કરમાતાં પુષ્પોની માળા, પગમાં હીરાજડિત મોજડી, માથા પર મુગટ અને અનેક અલંકારથી ભૂષિત નિર્વિકાર નાનું નાજુક સુઘટ્ટ શરીર અને ઇચ્છા પ્રમાણે જવા આવવા માટે વિમાનોની અનુકૂળતા, વાતાવરણમાં ચાલુ સુગંધ, કોઇ પ્રકારની દુર્ગંધનો અભાવ અને આંખ સન્મુખ સુગંધી પુષ્પો, પાંચે ઇંદ્રિયનાં સુખોની સામીપ્યતા અને ઇચ્છા હોય તો જ્ઞાનાનંદ કરવાની પણ સગવડ.

આવાં સુખો દેવગતિમાં મળે છે. ત્યાં રળવાની પંચાત નથી, કોર્ટમાં ઘસડાવાનો ભય નથી, લુંટાઇ જવાની બીક નથી, જેલમાં જવાની ખટપટ નથી, મહામારી, પ્લેગ, કોલેરા કે મેનેન્જાઇટીસ કે ન્યુમોનિયા ટાઇફોઇડનો ભય નથી કે સર્જન પાસે ઓપરેશન કરાવવાં પડતાં નથી કે મોટી ઇસ્પીતાલના ખાટલાનો આશરો લેવો પડતો નથી. ગાનતાન, ગુલતાન અને તંદુરસ્તીમાં આખું જીવન વિલાસમાં પસાર થાય છે અને લાખો વર્ષોનો કાળ કેવી રીતે પૂરો થઈ ગયો તેનો ખ્યાલ પણ આવતો નથી.

આવા દેવગતિના સુખમાં કાંઇ મણા દેખાતી નથી, સર્વ ઇંદ્રિયોને સંતોષ મળે એવું સુખ ત્યાં હોય છે, માણસ ભોગવી ભોગવીને ધરાઇ જાય એવી પરિસ્થિતિ ત્યાં સ્વયં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થાય છે. આપણા ચાલુ વ્યવહાર કે સંયોગોને માપે જોઇએ તો અનેક પ્રાણીઓને મોટા ભાગે ઇષ્ટ હોય એવા પ્રકારનું સુખ દેવગતિમાં મળે છે.

જે પ્રાણીઓ મનુષ્યભવમાં ઉત્તમ પ્રકારે પરમાત્મતત્ત્વની પૂજા કરે, સમતારસને જીવનમાં વહેવરાવે, બનતી રીતે શોક સંતાપ ઓછો કરે, યોગ્ય અર્થીને યથાવસર દાન આપે, ગુણવાન ઉપર પ્રીતિ કરે, બની શકતા વ્રત–નિયમ પાળે, પરજીવ તરફ અનુકંપા રાખે, સર્વ કાર્ય કરતાં યતના રાખે, ઇરાદાપૂર્વક પાપસેવન ન કરે અને વ્યવહારદષ્ટિએ સાદું સરળ કે વિરોધ વગરનું જીવન ગાળે તે આવી દેવગતિમાં જઇ ઇંદ્રિયભોગની પ્રચૂરતા પ્રાપ્ત કરે છે. દેવગતિની સરળતા, સુખ, સગવડ અને આનંદી વાતાવરણને પરિણામે પ્રાણી સુખમાં નિમગ્ન થઇ જાય છે અને આનંદમાં ગરકાવ થઇ પોતાનાં ત્યાં આવવાનાં કારણોનો ભાગ્યે જ વિચાર કરે છે.

આવા સર્વ પ્રકારનાં આનંદ વિલાસો, નાટકો, રત્નના પ્રકાશો અને સુગંધી પદાર્થોની અંદર સર્વ પ્રકારનાં સુખનો લાભ લેનાર પ્રાણી કેવો સુખી હશે તેની કલ્પના કરો. નાચરંગ, ગાન, અપ્સરાના હાવભાવ અને આંખને ઠારે તેવા પ્રકાશમય ભૂમિની કલ્પના કરીએ ત્યારે જીવનનો ભાર હલકો લાગે છે, ચોતરફના કંટાળામાંથી ઉગારબારી સાંપડે છે અને અનેક કદર્થના, ઉપાધિ, વલવલાટ અને ધમપછાડાના છેડાની શકયતા દેખી તે તરફ સહજ આકર્ષણ થાય છે.

આવા સર્વ ઇંદ્રિયોને તૃપ્ત કરનાર સુખને વહેવારુ દષ્ટિએ અતિ ઉચ્ચ સ્થૂળ આનંદ માનવામાં વાંધો નથી. કાંઇક કાંઇક સ્થૂળ–માનસિક આનંદની પણ આ દેવોને શકયતા છે. પ્રાણી એ ઇંદ્રિયવિલાસો અને આનંદમાં એવો ગરકાવ થઇ જાય છે કે એ પોતાની જાતને પણ ભૂલી જાય છે. આવા સતત આનંદનાં કારણો વિચારવા તરફ બહુધા દુર્લક્ષ કરે છે અને ધનમાલ, નોકર, ચાકર અને વિલાસો વચ્ચે વસતાં રાજામહારાજાની માફક ત્યાગની કે સંયમની કલ્પના પણ કરતો નથી એટલે પાછો અંતે ત્યાંનો કાળ પૂરો થાય એટલે લાવેલી પૂંજી પૂરી થતાં પાછો દુનિયાના ચક્કરે ચઢે છે. પણ જે સાચી દષ્ટિવાળો જીવ હોય છે તે તો આવા સુખો પ્રાપ્ત થાય ત્યારે પણ મુકિતના બાધક તરીકે એને સમજી લે છે. એ જાણે છે કે આવા ઇંદ્રિયસુખમાં રાચવામાં કાંઇ માલ નથી, એ તો ભોગવતી વખતે જરા આનંદ દેખાડે, પણ પછી શું ? દૂધપાક પૂરી ખાધાં કે મનગમતી વાનીઓ ખાધી; પણ ખાધા પછી શું ? એનો સ્વાદ ટકે કેટલો ? અને એવા ક્ષણિક સ્વાદમાં કે સુગંધમાં કે સંગીતમાં ઊંડા જવામાં સ્થિરતા કે સ્થાયિતા કેટલો વખત ? ઇંદ્રિય પર સંયમ વગર આત્મિક પ્રગતિ અશકય છે અને આત્મિક પ્રગતિ વગર આપણો આરો આવવાનો નથી. જે સુખ ચિરકાળ રહેવાનું નથી, જેની પાછળ અપરંપાર કષ્ટ અને યાતના દેખાય છે અને જે સુખ માન્યતામાં જ રહેલું છે, તેની ખાતર આવી અદ્ભુત દુષ્પ્રાપ્ય સામગ્રીને હારી બેસનારની અક્કલ પર એને ઘૃણા આવે છે, એની ટૂંકી દષ્ટિ માટે એને ખેદ થાય છે અને એવા આત્મલક્ષી પ્રાણી આવા દેવતાના સુખને પણ મોક્ષના બાધક તરીકે માને છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નાની નાની કથાઓ

## દમદંત રાજર્ષિ

હસ્તિશીર્ષપુરમાં દમદંત નામે રાજા હતા. પાંડવો ને કૌરવો તેના પ્રતિસ્પર્ધી હતા. એક વાર દમદંત રાજા જરાસંધ પાસે ગયેલા તે વખતે લાગ જોઈને પાંડવ કૌરવોએ તેનો કેટલોક પ્રદેશ લૂંટ્યો. દમદંત રાજા પાછા આવતાં તેમણે આ પરિસ્થિતિ જોઈને કહ્યું કે-આવું શિયાળપણું કેમ કર્યું ? શક્તિ હોય તો મારી હાજરીમાં આવી જાઓ, પરંતુ તેવી શક્તિ નહોતી. બાદ દમદંત રાજાએ દીક્ષા લીધી. એક વાર તેઓ ફરતા ફરતા હસ્તિનાપુર આવ્યા. રયવાડીએ જતાં પાંડવોએ તેમને દીઠા. યુધિષ્ઠિરે વાહનથી નીચે ઉતરી વંદના કરી, બીજા ભાઈઓએ પણ વંદના કરી. ત્યારપછી દુર્યોધન વિગેરે કૌરવો આવ્યા. દુર્યોધને પૂર્વના દ્વેષથી એક બીજોરાનો તેના પર ઘા કર્યો. પછી તો તેના ભાઈઓ અને સેનાએ પત્થરો માર્યા એટલે પથરાનો ઢગલો થઇ ગયો. તેમાં મુનિ ઢંકાઇ ગયા. પાછા વળતાં પાંડવોએ મુનિને ન દીઠા એટલે પૂછ્યું કે—અહીં મુનિ હતા તે ક્યાં ગયા ? આસપાસના માણસોએ કહ્યું કે-આ પથરાના ઢગલામાં મુનિ દટાઇ ગયા છે. પાંડવોએ તરત જ અશ્વો પરથી ઉતરી તમામ પત્થરો દૂર કર્યાં અને મુનિને શરીરે તેલ વિગેરેનું અભ્યંગન કરી, ક્ષમા માગી સ્વસ્થાને ગયા. દમદંત રાજર્ષિએ તો બંને પર સમભાવ રાખ્યો. ધન્ય છે આવા સમભાવીને ! ભક્તિ કરનાર ને પીડા કરનાર ઉપર સમભાવ આવા મુનિરાજ જ રાખી શકે.

---

આ દૃષ્ટિ સાચા વિચારકની હોય, આ ખ્યાલ આખા જીવનવિસ્તાર પર લાંબી નજરે જોનારને આવે, આ નિર્ણય સાચા જ્ઞાનને આધીન હોય, આવી વિચારસ્પષ્ટતા સાચા મુમુક્ષુની હોય અને આ સાધ્યદૃષ્ટિ સાચે રસ્તે ચઢેલાને જ સાંપડે. સુરસુખને દુઃખ કરીને માનવું એ કાચાપોચાના ખેલ નથી, એ વિચારસરણિ જેને તેને લભ્ય નથી, એ ઉન્નત આત્મદશા ઉપરચોટિયા આંટા મારનારને આવતી નથી. સુખને સોનાની બેડી માનનાર, સુખને સંસારમાં રખડાવવાનું કામ કરનાર, કહેવાતા સુખને સંયમના દ્વાર બંધ કરવાનું કહેનાર, વૈષયિક સુખને આત્મવિરોધી તત્ત્વ તરીકે સ્વીકારવાનું બીડું ઝડપનાર અને તેવા સુખને આપત્તિરૂપ માંગનાર, વિપત્તિ હોય ત્યાં માર્ગપ્રાપ્તિની વિશેષ સંભાવના બતાવનાર આવા સાચા જ્ઞાનને, સાચી વિચારધારાને, સાચા પારમાર્થિક નિર્ણયને ખૂબ પંચાવવા યોગ્ય છે, સમજીને જીરવવા યોગ્ય છે, કસીને જીવન સાથે જોડવા યોગ્ય છે, ચર્વણ કરીને વારંવાર મનન કરવા યોગ્ય છે અને એ દૃષ્ટિ જીવંતસ્વરૂપે જેને પ્રાપ્ત થઇ ગઇ તેમજ એમાં રસ લાગ્યો તેને સાચી માર્ગપ્રાપ્તિ થઈ છે એમ સમજવું.

મૌક્તિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અનુકંપાથી સમકિતની પ્રાપ્તિ

દ્વારકા નગરીમાં બે વૈદ્યો હતા. ૧ ધન્વંતરી ને ૨ વૈતરણી. ધન્વંતરી અભવ્યનો જીવ હતો. તે અનેક પ્રકારની જીવવિરાધનાવડે ઔષધ બનાવતો ને તેનો ઉપયોગ કરતો. વૈતરણી ત્રાસ પામતો ઔષધ બનાવતો ને સાધુસંતની નિઃસ્વાર્થ-ભાવે ભક્તિ કરતો. એકદા શ્રી નેમિનાથજી ત્યાં પધારતાં કૃષ્ણવાસુદેવે બંને વૈદ્યોની ગતિ પૂછી. પ્રભુએ કહ્યું કે—ધન્વંતરી મરીને સાતમી નરકે જશે અને વૈતરણી વાનર થશે. પ્રભુના કથન પ્રમાણે વૈતરણી એક અટવીમાં વાનર થયો. એકદા ત્યાં કોઇ સાથ આવ્યો. તેની સાથેના એક મુનિને પગમાં સખ્ત કાંટો પેસી ગયો. મુનિ ચાલતા અટકી ગયા. સાથે ત્યાં રોકાવા ધાર્યું. મુનિ કહે કે-તમે અહીં રોકાઇને શું કરશો? અહીં ખાવાનું નથી, પાણી નથી. એટલે હું તો મરણ નજીક જાણીશ તો અણશણ કરીશ, તમે સુખેથી જાઓ. મારી ચિંતા ન કરશો. મુનિના આગ્રહથી સાથ ગયો. ત્યારપછી પેલો વાનર તેના પરિવાર સાથે ત્યાં આવ્યો. મુનિને જોતાં તેને વિચાર થયો કે-મેં આવું કાંઇક જોયું છે. ઊહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે મુનિના પગમાં જબરું શલ્ય જોયું એટલે વૈદ્યના ભવના અનુભવથી તે અટવીમાં જઇને ૧ શલ્યોદ્ધરણી ને ૨ વ્રણસંરોહણીએ બે ઔષધિઓ લઇ આવ્યો. પ્રથમ ઔષધિ લગાવતાં શલ્ય નીકળી ગયું એટલે બીજી ઔષધિવડે વ્રણ રૂઝાવી દીધું. પછી તેણે જમીન ઉપર અક્ષરો લખીને મુનિને જણાવ્યું કે-હું પૂર્વભવે વૈદ્ય હતો. મુનિએ તેને ધર્મોપદેશ આપ્યો. તે સમકિત પામ્યો. પછી મુનિને સાથ ભેગા કરી દીધા. સાથ આશ્ચર્ય પામ્યો. મુનિએ વાનર સંબંધી વાત કરી. વાનર કાળ કરીને આઠમે દેવલોકે દેવ થયો. તેણે અવધિજ્ઞાનવડે પોતાના ઉપકારી મુનિને જોયા. તે ત્યાં આવ્યો. મુનિને વંદન કર્યું અને કહ્યું કે: 'આપના પસાયથી હું દેવપણું પામ્યો છું માટે મને મારા યોગ્ય કામ બતાવો.' મુનિ તો નિઃસ્પૃહ હતા. તેણે ધર્મોપદેશ આપ્યો અને અનેક પ્રકારે ધર્મારાધન કરવાનું કહ્યું. વાનરનો જીવ ધર્મારાધન કરી મનુષ્ય થઇ સદ્ગતિગામી થયો. આ પ્રમાણે અનુકંપાથી પણ જીવ સમકિત પામે છે.

## ભૂલનો નીકાલ તરત કરવો.

આવેશને લઈને મનુષ્યથી ભૂલ થઈ જાય તો તેનો નીકાલ તરત કરી નાખવો, તેનું લંબાણ કરવું નહીં. ધનપ્રસાદ નામના એક માણસે સહજની વાતમાં આવેશમાં આવી જઇ બીજા ગૃહસ્થ માણસને તમાચો મારી દીધો. પછી તો તેને પશ્ચાત્તાપ થયો, પણ તરતમાં તે મોટરમાં બેસી કાંઈ કામે ગયા. પાછળ આ વાતની બહુ ચર્ચા થતાં પેલા ગૃહસ્થના સંબંધવાળા તેના પુત્રો વિગેરે ધનપ્રસાદ આવે એટલે તેને મારવા તૈયાર થઇને હાથમાં લાકડીઓ લઇને ખડા થઈ ગયા. ધનપ્રસાદ થોડા વખત પછી આવ્યો એટલે તેના સંબંધવાળાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની આગળ જઈને કહ્યું કે: 'હમણા અહીં આવવા જેવું નથી માટે ચાલ્યા જાઓ. આવશો તો માર ખાશો.' ધનપ્રસાદ બોલ્યો કે: 'મેં ભૂલ કરી છે તો તેનો બદલો મારે સહન કરવો જ જોઇએ.' તે આવ્યો ને મોટરમાંથી ઉતર્યો. એટલે પેલા ગૃહસ્થના સંબંધવાળા તેને યદ્વાતદ્વા કહેવા લાગ્યા. એટલે ધનપ્રસાદ બોલ્યો કે: 'પહેલા મારી વાત સાંભળો. પછી તમને ગમે તે કરજો. મને એક જાતનો વ્યાધિ છે તેથી હું કોઇ કોઇ વખત આવેશમાં આવી જઇ ભૂલ કરી નાખું છું. આમાં પણ એમ જ બન્યું છે તો હું તમારી માફી માગું છું. મને ક્ષમા કરો, છતાં તમને સંતોષ થતો ન હોય તો મને બે ચાર તમાચા મારી લ્યો. હું સહન કરવા તૈયાર છું.' તેના કહેવાથી બધા શાંત થઇ ગયા. તેણે પેલા ગૃહસ્થ પાસે જઇને ક્ષમા માગી એટલે બધું સમાધાન થઇ ગયું.

આ પ્રમાણે થયેલી ભૂલને ન લંબાવતાં તરત જ તેનો નીકાલ લાવવો અને તેનો બદલો સહન કરી લેવો.

## ૪ કાયમ અનાકુટ્ટી કોને હોય?

અનાકુટ્ટી એટલે વનસ્પતિકાયની પણ વિરાધના ન કરવી તે

એક નગરમાં ધર્મરુચિ નામે રાજા હતો. તેને સંસારની અસારતા દેખીને વૈરાગ્ય થતાં તે તાપસ થયો. તાપસપણામાં કંદમૂળ-ફળ-ફૂલ વિગેરેનો આહાર કરતાં હતાં. એકદા અમાવાસ્યાને આગલે દિવસે તેણે ઉદ્‌ઘોષણા સાંભળી કે-આવતી કાલે અમાવાસ્યા છે તેથી અનાકુટ્ટી છે માટે જેને ફળ-ફૂલાદિ જોઇએ તે આજે લઇ આવવું, કાલે વનસ્પતિ તોડવી કે તેનું છેદનભેદન કરવું તે થઇ શકશે નહીં. રાજા તાપસ થયેલ છે તેણે વિચાર્યું કે-આવી અનાકુટ્ટી કાયમ થઈ ન શકે? પણ એવી અનાકુટ્ટીવાળા કોણ હોય? બીજે દિવસે સવારે ત્યાંથી મુનિઓ નીકળ્યા. ધર્મરુચિ તાપસે જાણ્યું કે-આ ફળફૂલાદિ લેવા આવ્યા હશે. તેણે તેમની પાસે જઈને પૂછ્યું કે-શું તમારે આજે અનાકુટ્ટી નથી? મુનિએ કહ્યું કે-અમારે તો કાયમ અનાકુટ્ટી છે. અમે વનસ્પતિનું છેદનભેદન તો કરતા નથી પરંતુ તેનો સ્પર્શ પણ કરતા નથી; કારણ કે સ્પર્શ કરવાથી પણ તેને દુ:ખ થાય છે. તાપસ થયેલા રાજાએ પૂછ્યું કે-આવો ધર્મ કયો છે? એટલે મુનિઓએ તેને જૈનધર્મ સમજાવ્યો. મુનિના પાંચ મહાવ્રત સમજાવ્યાં. તે સાંભળી તે ધર્મરુચિ બહુ જ પ્રસન્ન થયો અને તેણે તાપસપણું તજી દઈ મુનિમાર્ગ સ્વીકાર્યો. પ્રાંતે મુનિમાર્ગનું આરાધન કરીને તે સદ્‌ગતિગામી થયો.

આવી અનાકુટ્ટી મુનિને સર્વથી અને ગૃહસ્થને દેશથી હોય છે.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર–શા માણેકચંદ નાગરદાસ–રંધોળા. )

**પ્રશ્ન ૧**—દરેક જીવ ચોરાશી લાખ જીવયોનિમાં અનેક વાર ફરી આવ્યો હશે?

**ઉત્તર**—જે જીવ ઘણા કાળથી અવ્યવહારરાશિમાંથી નીકળેલ હોય છે તે તો પ્રાયે અનેક વખત ચોરાશી લાખ જીવયોનિમાં ફરી આવેલ હોય છે, પરંતુ જે જીવ તરતમાં અથવા થોડા કાળથી અવ્યવહારરાશિમાંથી નીકળેલા હોય તે અનેક વાર જઇ આવેલ ન હોય.

**પ્રશ્ન ૨**—જૈન ધર્મી સિવાયના માણસો શ્રી મહાવીરસ્વામીના વખતમાં એમ નહીં જાણતા હોય કે ચક્રવર્ત્તી બાર થવાના હતા તે થઇ ગયા છે અને શ્રી મહાવીરસ્વામી છેલ્લા તીર્થંકર થવાના છે?

**ઉત્તર**—આ હકીકત જૈનો પણ બધા જાણતા ન હોય તો જૈનેતર તો ક્યાંથી જ જાણતા હોય? તેથી ત્રિશલામાતાને ચૌદ સ્વપ્ન આવ્યાના ખબર પડતાં તેમનો પુત્ર ચક્રવર્ત્તી થશે એમ માનીને કેટલાક રાજપુત્રો તેમની સાથે સ્નેહ કરવા આવ્યા હતા. તીર્થંકરની માતાને પણ ચૌદ સ્વપ્ન આવે છે તેની પણ તેમને ખબર હોતી નથી. એટલે વીરપ્રભુએ દીક્ષા લીધી ત્યારે હવે આ ચક્રવર્ત્તી થવાના નથી એમ જાણીને રાજપુત્રો સ્વસ્થાને ગયા.

**પ્રશ્ન ૩**—પુષ્પ નિમિત્તિઓ રેતીમાં પડેલાં લક્ષણો જોઇને કોઇ ચક્રવર્ત્તી એકલા ચાલ્યા જાય છે એમ ધારી પ્રભુની પાછળ આવ્યો અને પ્રભુને યોગીરૂપે જોઇ પોતાના શાસ્ત્રને પાણીમાં બોળવા લાગ્યો તો શું તેના શાસ્ત્રમાં તીર્થંકરના પગમાં એવાં લક્ષણો હોય છે તે વાત નહીં હોય?

**ઉત્તર**—જૈનેતર શાસ્ત્રોમાં તીર્થંકરોના શરીરનાં લક્ષણો વિગેરેની વાત હોતી નથી; તેથી તે અજાણ હતો.

**પ્રશ્ન ૪**—યુગપ્રધાનો હવે ક્યારે થશે? **ઉત્તર**—તે ચોક્કસ કહી શકાય તેમ નથી.

**પ્રશ્ન ૫**—શ્રાવિકાઓ પોસહમાં માત્રું કરવા જતી વખત પોલકું બદલતી નથી અને તે જ પહેરી રાખીને પ્રતિક્રમણાદિ ક્રિયા કરે છે તે બરાબર છે?

**ઉત્તર**—એ અશક્ય પરિહાર છે તેથી દોષ ગણાતો નથી, પરંતુ સામાયિક કે પ્રતિક્રમણ એવા અશુદ્ધ વસ્ત્રથી ન થઇ શકે.

**પ્રશ્ન ૬**—પ્રતિક્રમણ સૂત્ર( વંદિત્તા )માં શ્રાવકના વ્રતોના અતિચાર વિગેરે છે તે વ્રત ન લીધેલાને લાગતા નથી તો તેને એ કહેવાની જરૂર શી?

**ઉત્તર**—શ્રાવકે બાર વ્રત લેવાં જોઇએ એવી ભાવના જાગે અને જેણે લીધાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેનું અનુમોદન થાય તે માટે તેને પણ કહેવાની જરૂર છે. વળી જેણે વ્રતો નથી લીધા તેને માટે જ **પડિસિદ્ધાણં કરણે** એ ગાથા કહેલી છે તેનો અર્થ વિચારશો.

**પ્રશ્ન** ૭—શ્રાવકના પાક્ષિક અતિચારમાં મહાસતી-મહાત્માની ભોગવાંછિત પૂજા કીધી, એ દૂષણ કહેલ છે તેનો અર્થ શું ?

**ઉત્તર**—મહાસતી એટલે સાધ્વી અને મહાત્મા એટલે સાધુ તેની પૂજા એટલે ભક્તિ-આહારપાણી વહોરાવવા વિગેરેથી કરવી તે. આ ભક્તિ આ લોક સંબંધી સુખભોગની પ્રાપ્તિ થવાની ઇચ્છાથી જો કરે તો દૂષણ લાગે એ અર્થ સમજવો.

**પ્રશ્ન** ૮—પૃથ્વી પરનો દરેક વિભાગ તેમજ વૃક્ષાદિ દેવાધિષ્ઠિત હોય છે ?

**ઉત્તર**—એમ હોતું નથી. કોઇ કોઇ સ્થળે હોય છે.

**પ્રશ્ન** ૯—પ્રતિક્રમણમાં કરેમિ ભંતે વયોવૃદ્ધ ઉચ્ચરાવે છે તે કેટલીક વાર અશુદ્ધ હોય છે તો તેને બદલે જ્ઞાનવૃદ્ધ ઉચ્ચરાવે એ પસંદ કરવા લાયક નથી ?

**ઉત્તર**—એ પસંદ કરવા લાયક છે અને એમ કરવાથી વયોવૃદ્ધ માણસને કાંઈ ખોટું લાગતું નથી.

**પ્રશ્ન** ૧૦—સંવત્સરી વિગેરે પ્રતિક્રમણમાં ઘી બોલીને સૂત્રો બોલવાનો આદેશ અપાય છે તેને બદલે ઘી બોલ્યા સિવાય શુદ્ધ બોલનારને આદેશ અપાય તો ઠીક ખરું કે નહીં ?

**ઉત્તર**—ઘી બોલાવવું પણ તે સાથે કહેવું કે શુદ્ધ હશે તો બોલી શકાશે માટે શુદ્ધ બોલનારે આદેશ લેવો.

**પ્રશ્ન ૧૧—વીરપ્રભુએ જ કહ્યું છે કે-આયુષ્ય વધી શકતું નથી તેમ ઘટી પણ શકતું નથી તો હરિવંશની ઉત્પત્તિવાળા યુગલિકનું આયુ તેના વૈરી દેવે કેમ ઘટાડ્યું ?**

**ઉત્તર**—વીરપ્રભુએ ઘટાડી શકાતું નથી એમ કહ્યું જ નથી. આયુષ્ય ઘટવાના તો સાત પ્રકાર શાસ્ત્રમાં કહ્યા છે, પરંતુ યુગલિઆનું આયુ અનપવર્તનીય એટલે ઘટી શકે નહીં એવું હોય છે છતાં જે દેવશક્તિએ ઘટાડ્યું તે આશ્ચર્યમાં ગણેલું છે. અનંતકાળે ક્વચિત જ એવું બને છે.

**પ્રશ્ન** ૧૨—ચૌદ પૂર્વની રચના કેવા પ્રકારની છે અને તે શી રીતે ભણાવાતા હશે ?

**ઉત્તર**—બારમું અંગ દૃષ્ટિવાદ સંસ્કૃત ભાષામાં છે. ચૌદ પૂર્વ તેનો એક વિભાગ છે ને ગદ્યપદ્યમાં છે. તેનો અભ્યાસ ગુરુમહારાજ મોઢેથી કહે તે સાંભળીને શિષ્ય યાદ રાખે એ રીતે જ થતો હતો. શિષ્યની યાદશક્તિ ઘણી તીવ્ર હોવી જોઇએ. પ્રભુ ત્રિપદી આપે છે તે ઉપરથી ગણધરો મહાલબ્ધિવાળા હોવાથી દ્વાદશાંગીની રચના કરે છે. એવી શક્તિ ગણધરો સિવાય બીજાની હોતી નથી.

**પ્રશ્ન** ૧૩—ભદ્રબાહુસ્વામી મહાપ્રાણધ્યાન સિદ્ધ કરવા નેપાલમાં ગયા હતા તે ધ્યાનથી શું કાર્ય થતું હશે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—મહાપ્રાણધ્યાન સિદ્ધ થયેલ હોય તો ચૌદ પૂર્વનો પાઠ પૂર્વાનુપૂર્વીએ અને પશ્ચાનુપૂર્વીએ બે ઘડીની અંદર કરી શકે એવી શક્તિ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન** ૧૪—વરાહમિહિર શા કારણથી જૈન ધર્મનો દ્વેષી બન્યો ? તેણે મરકી વિકુર્વી તેને લઈને અનેક મનુષ્યનું અકાળ મૃત્યુ થતું જાણી ભદ્રબાહુસ્વામીને ઉવસગ્ગહર સ્તોત્ર બનાવવું પડયું તો શું દેવની એવી શક્તિ હશે ?

**ઉત્તર**—વરાહમિહિરને અયોગ્ય જાણી ગુરુએ આચાર્ય પદવી ન આપી તેથી તે જૈનધર્મનો દ્વેષી બન્યો. તેણે મરકી વિકુર્વી. એવી શક્તિ દેવોની હોય છે અને તેથી મનુષ્યોના અકાળ મૃત્યુ પણ થાય છે.

**પ્રશ્ન** ૧૫—બાહુબળીની સાથે જન્મેલી સુંદરી ભરતચક્રીનું સ્ત્રીરત્ન થયું છે ?

**ઉત્તર**—એ તો કુમારિકા જ રહી છે. તેણે સાઠ હજાર વર્ષ સુધી આંબીલનો તપ કર્યો છે ને ભરતચક્રી છ ખંડ સાધીને આવ્યા પછી તેને સ્ત્રીરત્ન તો મળી ગયું હતું તેથી ભરતચક્રીની આજ્ઞાથી તેણીએ ચારિત્ર ગ્રહણ કર્યું હતું.

**પ્રશ્ન** ૧૬—નવ ગ્રહો મનુષ્યને નડતા હશે ? નડતા ન હોય તો તેની શાંતિ શા માટે કરવામાં આવે છે ?

**ઉત્તર**—નવ ગ્રહો મહાઉત્તમ જીવ છે. સમકિતદૃષ્ટિ છે તે કોઇને નડતા નથી. તેની ગતિ શુભ અશુભની સૂચક છે તેથી તે જો અશુભ હોય તો તેના નિવારણ માટે અમુક પરમાત્માની ભક્તિ કરવામાં આવે છે, ગ્રહની નહીં. પરમાત્માની ભક્તિ કરવાથી તેની અશુભતા દૂર થાય છે.

**પ્રશ્ન** ૧૭—ગૌતમસ્વામીને ક્ષયોપશમ સમકિત હતું અને શ્રેણિક રાજાને ક્ષાયિક સમકિત હતું તો તે શું ગૌતમસ્વામીથી વધી ગયા ?

**ઉત્તર**—ગૌતમસ્વામીને કયું સમકિત હતું તે વાંચવામાં આવ્યું નથી, પરંતુ કદી ક્ષયોપશમ સમકિત હોય તો માત્ર સમકિત ઉચ્ચ કોટીનું હોવાથી ઉચ્ચ ગણાતા નથી. ઉચ્ચ ગણાવા માટે તો જ્ઞાન, દર્શન ને ચારિત્ર ત્રણે ઉચ્ચ કોટીના જોઇએ તે તો ગૌતમસ્વામીમાં જ હતા તેથી તે જ ઉચ્ચ કોટીના હતા. વળી દીપક, રોચક ને કારક એ ત્રણ પ્રકારમાં શ્રેણિકને રોચક હતું ને ગૌતમસ્વામીને કારક હતું.

**પ્રશ્ન** ૧૮—સૂરિમંત્ર એટલે શું ? તેનો જાપ ક્યારે કરાવવામાં આવે છે ?

**ઉત્તર**—સૂરિમંત્રનું વિધાન આચાર્ય મહારાજ જ જાણે છે અને તે નવા થયેલા આચાર્યને બતાવે તે પ્રમાણે તેનું આરાધન તે કરે છે. આચાર્યપદવી આપ્યા અગાઉ તેનો જાપ કરાવવામાં આવતો નથી.

**પ્રશ્ન** ૧૯—ચક્રેશ્વરી દેવીનું ચક્ર અને ચક્રવર્તીનું ચક્ર એક જ જાતિના હશે કે તેમાં ફેરફાર હશે ?

**ઉત્તર**—તે એક જાતિના નથી. ચક્રવર્તીનું ચક્ર બહુ ઊંચા પ્રકારનું હોય છે. તેના એક હજાર યક્ષો તો અધિષ્ઠાયક હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૨૦**—ચક્રીનું ચક્ર સ્વગોત્રી ઉપર ચાલતું નથી એ વાત શું ભરતચક્રી જાણતા નહોતા કે જેથી તેણે બાહુબળી ઉપર ચક્ર મૂક્યું ?

**ઉત્તર**—જાણતા નહીં હોય એમ લાગે છે, છતાં જાણતા હોય તો પણ ક્રોધના આવેશમાં ભૂલી જવાય છે.

**પ્રશ્ન ૨૧**—તીર્થંકરના ચાર જન્માતિશયમાં તેમનો આહારનિહાર ચર્મચક્ષુવાળા ન દેખે એમ કહેલ છે તો શું માતાપિતા પણ તે નહીં દેખતા હોય ?

**ઉત્તર**—એ અતિશય આહારનિહાર કરતા ન દેખે એવો છે. કર્યા પછી ખબર પડે-દેખે. વળી અતિશય એનું જ નામ છે કે જે સામાન્ય મનુષ્ય સમજી ન શકે, આ બાબતમાં શંકાને સ્થાન નથી. **કુંવરજી**

# નીતિમય વચનો

૩૧. પ્રારબ્ધના યોગથી માણસને જે કાંઇ સારું અથવા ખોટું થવાનું હોય છે તે નિશ્ચે થાય છે. પ્રાણીઓ મહાન્ ઉદ્યમ કરે તો પણ જે થવાનું નથી તે થતું નથી અને જે થવાનું છે તે થયા વિના રહેતું નથી.

૩૨. તત્ત્વનો વિચાર કરવો એ બુદ્ધિનું ફળ છે, વ્રત પાળવું એ દેહનું સત્ત્વ છે, પાત્રને દાન આપવું તે ધનની શ્રેષ્ઠતા છે અને માણસોને વિષે પ્રીતિ કરવી એ વાણીનું ફળ છે.

૩૩. જેનો પક્ષ કર્મરાજાએ કરેલો છે તે પુરુષને ઉપરાઉપર આવી પડતા અનર્થો પણ ગુણકારી થાય છે તો પછી તેને દુઃખ ક્યાંથી જ હોય ? અર્થાત્ ન જ હોય.

૩૪. જિનેશ્વરના વચનને પ્રાપ્ત થએલા પુરુષના હૃદયને કોઇ ઉત્તમ રૂપવાળી સ્ત્રી પણ હરણ કરી શકતી નથી.

૩૫. જે પ્રિય અને હિતકારી હોય તે જ સત્ય વચન કહેવાય છે, પરંતુ જે અપ્રિય અને અહિતકારી હોય તે સત્ય ન જાણવું. જે વચનથી બીજા જીવસમૂહો દુઃખ પામે તેવું વચન પરમાર્થી પુરુષોએ ન બોલવું તે જ ઉત્તમ છે.

૩૬. જે વચનથી બીજાઓ દુઃખ પામે છે, જે વચનથી પ્રાણીવધ થાય છે તેમજ આત્મા ક્લેશ પામે છે તેવું વચન ઉત્તમ પુરુષો ક્યારે પણ બોલતા નથી.

૩૭. ગુરુની પાસે સર્વ પાપની આલોચના લેનારો પુરુષ સાચું સાધુપદ પામે છે, અને આલોચના નહિ લેનારા પુરુષની ગુણપંક્તિ વૃદ્ધિ પામતી નથી.

૩૮. સુખને અર્થે કરેલી હિંસા દુઃખનો સમૂહ આપે છે, મંગલને અર્થે કરેલી હિંસા અમંગલ આપે છે અને જીવિતને અર્થે કરેલી હિંસા નિશ્ચે મૃત્યુ આપે છે.

૩૯. 'તું મરી જા !' એમ કહ્યાથી પણ પ્રાણીને દુઃખ થાય છે, તો પછી દારુણ પ્રહારવડે મારેલો પ્રાણી કેમ દુઃખી ન થાય અર્થાત્ થાય જ. **મુનિશ્રી વિદ્યાનંદવિજયજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જૈનોના આગમિક સાહિત્યના ઇતિહાસની"

## સમાલોચના

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયાએ થોડા વખત પહેલાં પ્રસિદ્ધ કરેલ A History of the Canonicle Literature of the Jains. 'જૈનોના આગમિક સાહિત્યનો ઇતિહાસ' નામનો ગ્રંથ અવલોકનાર્થે આ સભા તરફ આવેલ જે આભાર સાથે સ્વીકારવામાં આવ્યો છે. ભાઇશ્રી હીરાલાલ એક વિદ્વાન જૈન સ્કોલર છે. તત્ત્વાર્થાધિગમ સૂત્ર, ન્યાયકુસુમાંજલિ આદિ તત્ત્વ અને ન્યાયના અનેક ગ્રંથો તેમણે એડીટ કરીને ગુજરાતી ભાષામાં ઉતાર્યા છે. કેટલોક વખત તેમણે ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટયુટમાં જૈન હસ્તલિખિત ગ્રંથોનું વિવરણાત્મક ટીપ્પણ તૈયાર કરવાનું કામ કરેલ છે. એટલે તેમને જૈનદર્શનનું અને જૈન આગમસાહિત્યનું ઊંડું જ્ઞાન છે. તેમના આગમસાહિત્યજ્ઞાનના પરિપાકરૂપે આ ગ્રંથ તેમણે તૈયાર કરી ઇંગ્લીશ જાણનાર જનતા સમક્ષ રજૂ કર્યો છે. આ પુસ્તક જૈનો અને જૈનેતરોને ઘણું ઉપયોગી છે. યુનિવર્સીટીઓમાં જૈન સાહિત્યનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને જૈન આગમિક સાહિત્યના ઐતિહાસિક ( Historical ), વિવેચનાત્મક ( critical ) અને વિવરણાત્મક ( Explanatory ) જ્ઞાન મેળવવાનું સંપૂર્ણ સાધન આ ગ્રંથ ઘણે અંશે પૂરું પાડે છે. પાશ્ચાત્ય જૈન સ્કોલરોના અભિપ્રાયો ટાંકવામાં આવ્યા છે, અને તેમાં થતો મતભેદ પણ બતાવ્યો છે. મૂળ ગ્રંથોના આધારો અક્ષરશઃ ફુટનોટમાં દેવનાગરી લિપિમાં ટાંકવામાં આવ્યા છે, જેથી વાચકવર્ગને મૂળ ગ્રંથો જોવાની તકલીફ ઘણે અંશે ઓછી થાય છે.

આખા ગ્રંથને સાત પ્રકરણ( chapter )માં વહેંચેલ છે. પહેલા પ્રકરણમાં જૈન આગમોની ઉત્પત્તિ અને વિકાસ( Jenesis )નું વિવેચન કરેલ છે. બીજા પ્રકરણમાં અંગપ્રવિષ્ટ–અંગબાહિર. અંગપ્રવિષ્ટમાં આચારાંગ આદિ દ્વાદશાંગી, અંગબાહિરમાં આવશ્યક આદિ સૂત્રો વિગેરે શ્રુતજ્ઞાનના વિષયોનું સવિસ્તર વર્ગીકરણ ( Classification ) કરી તેમાં આવતા વિષયોનું દિગ્દર્શન કરાવેલ છે અને કાળક્રમ પણ બતાવવા યત્ન કર્યો છે.

ત્રીજા પ્રકરણમાં જૈન આગમો ક્યારે ક્યારે અને કયે કયે સ્થળે પુસ્તકારૂઢ (Redaction) થયા તેની માહિતી આપેલ છે. શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આચાર્ય મહારાજના અધ્યક્ષપણા નીચે વલ્લભીપુરમાં જે આગમોની વાંચના, વીર સંવત ૯૮૦ બીજા અભિપ્રાય પ્રમાણે વી. સં. ૯૯૩ માં થઇ અને આગમો પુસ્તકારૂઢ કરવામાં આવ્યા; તે આગમો ગણધરભાષિત મૂળ આગમો નથી, પણ પાછળથી ઊભા કરેલા છે, એવી દિગંબરોની તકરારનો ખુલાસો Prof. Jacobiના શબ્દોમાં ગ્રંથકારે આપેલો છે તે આ પ્રમાણે—

Devardhi's edition of Siddhanta is therefore only a redaction of the sacred books which existed before his time is nearly the same form. Any single passage in a sacred text may have been introduced by the editor, but the bulk of Siddhanta is certainly not of his making. સારાંશ કે–ઘણે અંશે જે સ્વરૂપમાં આગમો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાંથી અસ્તિત્વ ધરાવતા હતા તે જ સ્વરૂપમાં શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે પુસ્તકારૂઢ કરેલ છે. આગમોના કોઈ સૂત્રમાં કોઇ એકાદ વાક્ય ઉમેરાયું હોય તે જુદી વાત છે પણ સિદ્ધાંતનો મોટો ભાગ મૂળ સ્વરૂપમાં જ પુસ્તકારૂઢ કરેલો જોવામાં આવે છે ( પા. ૬૯ ).

ચોથા પ્રકરણમાં વિચ્છેદ ગયેલ આગમોનું સવિસ્તર વર્ણન આપવામાં આવેલ છે. આખું પ્રકરણ વાંચતા આપણને ભાન થાય છે કે આગમશાસ્ત્ર કેટલું વિસ્તારવાળું હતું અને તેનો કેટલો મોટો ભાગ નષ્ટ થયો છેઃ બાર અંગો પૈકીનું બારમું અંગ દૃષ્ટિવાદ આખું વિચ્છેદ ગયેલ છે. દૃષ્ટિવાદના જુદા જુદા પાંચ ભાગોમાં એક પુવ્વગય વિભાગ છે, જે સામાન્ય રીતે ચૌદ પૂર્વો તરીકે ગણાય છે. ચૌદ પૂર્વો ધીમે ધીમે વિચ્છેદ ગયેલ છે. પૂર્વોમાં કયા કયા વિષયો હતા, કાળક્રમે કેવી રીતે અને ક્યા ક્યા કારણથી પૂર્વો વિચ્છેદ ગયા તેનું વિસ્તારથી વર્ણન ગ્રંથકારે આપેલ છે. પાશ્ચિમાત્ય વિદ્વાનોએ વિચ્છેદના જે કારણો બતાવ્યા છે તે ટાંકી બતાવ્યા છે. કેટલાકનો અભિપ્રાય એવો છે કે પૂર્વોમાં નાસ્તિકોનો પૂર્વપક્ષ–તેનું ખંડન મંડન વિગેરે વિસ્તારથી નિર્દિષ્ટ કરવામાં આવ્યા હતા એટલે નાસ્તિકવાદનો વિશેષ પ્રચાર અટકાવવાને પૂર્વોનો વિચ્છેદ થયો હતો. તેમાં મંત્ર તંત્ર વિગેરે વિદ્યાઓ હતી તેનો દુરુપયોગ ન થાય માટે પૂર્વોનો વિચ્છેદ ઇરાદાપૂર્વક કર્યો હતો. એવો એક બીજો અભિપ્રાય છે. હાલમાં વિજ્ઞાન( science )નો જે દુરુપયોગ મનુષ્ય અને કિંમતી મિલ્કતના સંહાર માટે લડાઇઓમાં કરવામાં આવે છે તેવા ભવિષ્યના ભયથી પૂર્વોમાં બતાવેલ વિજ્ઞાનોનો પ્રચાર અટકાવવા વિચ્છેદ થયો હોય તે આર્ય સંસ્કૃતિનું ધ્યેય જોતાં ન માનવા જેવું નથી, ટૂંકામાં પૂર્વોનો ઇતિહાસ ગ્રંથકારે આપ્યો છે, તે વાંચવા અને વિચારવા જેવો છે.

પાંચમા પ્રકરણમાં વિદ્યમાન આગમોનું વિસ્તારથી વર્ણન આપેલ છે. દરેક આગમોમાં કયા કયા વિષયો છે, કાળક્રમ પ્રમાણે કયારે રચાયા હોવા જોઈએ તે દલીલપુરસ્સર ગ્રંથકારે બતાવેલ છે.

છઠ્ઠા પ્રકરણમાં આગમોના વિવરણાત્મક (exegetical) સાહિત્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જુદા જુદા આગમો ઉપર રચાયેલ નિર્યુક્તિઓ અને ભાષ્યોનું વર્ણન કરવામાં આવેલ છે.

સાતમા પ્રકરણમાં જૈન આગમ સાહિત્યે સામાન્ય વાઙ્મય( literature )માં જે મહત્ત્વનો ફાળો આપ્યો છે તે ગ્રંથકારે બતાવેલ છે. તુલનાત્મક દૃષ્ટિએ વિષયની ચર્ચા કરેલ છે. મૂળસૂત્રોમાં પાછળથી વિકાસ પામેલ તત્ત્વ, ન્યાય, જ્યોતિષ, વ્યાકરણ, ભાષા વિગેરેના જે ઉલ્લેખો છે તે બતાવ્યા છે. સ્યાદ્વાદ અને સપ્તભંગીના મૂળ બીજો આગમમાં છે તે સાધાર ટાંકી બતાવેલ છે.

ટૂંકામાં જૈન આગમિક સાહિત્યના ઇતિહાસનું આ પુસ્તક જુદા જુદા વિષયોમાં ઘણી માહિતી આપે છે અને ઘણા પ્રશ્નો ઉપર પ્રકાશ નાંખે છે.

ભાઇશ્રી હીરાલાલે આ ગ્રંથ પ્રસિદ્ધ કરી, જૈન આગમ સાહિત્યની મોટી સેવા કરેલ છે. આ ગ્રંથનું ભાષાંતર છપાવવાની આવશ્યક્તા છે જેથી જૈન સમુદાય તેનો પૂરતો લાભ લઈ શકે.

**જીવરાજભાઇ ઓધવજી દોશી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

## ( ૩ )

આમ સર્વથા નિરાધાર એવા ગચ્છ, વાડા, નાના નાના સંપ્રદાય, કદાગ્રહ આદિ કોઈને શુદ્ધ મોક્ષમાર્ગની ગવેષણામાં ઊભા રહેવાનું સ્થાન રહેતું નથી. તત્ત્વમાર્ગનો જો વિચાર કરીએ તો એ બધા એક સપાટે પાનાના મહેલની જેમ પડી જાય છે. જ્યાં ગચ્છ-વાડા આદિનો આગ્રહ છે ત્યાં મોક્ષમાર્ગ નથી, ને જ્યાં મોક્ષમાર્ગ છે ત્યાં તેવો આગ્રહ નથી; છતાં જો કોઈ ગચ્છના ભેદ આગ્રહને પકડી રાખતું હોય ને તત્ત્વજ્ઞાનની મોટી મોટી વાતો કરતું હોય તો તે નિર્લજ્જ લાજતો નથી એમ કહેવું પડશે; કારણ કે તે બન્નેનો કોઈ કાળે મેળ ખાય એમ નથી. ગચ્છાદિના આગ્રહી તો ઉદરભરણ આદિ પોતાનું કામ કાઢી લેવા ખાતર કે સમાજમાં પોતાના માન-પ્રતિષ્ઠા-વર્ચસ્વ જાળવવા ખાતર કે પોતાની માનેલી લૌકિક મોટાઈને-પોતાના સત્કાર-પુરસ્કારને હાનિ ન ઉપજે તેની ખાતર, તદ્દન ક્ષુદ્ર મતભેદોને-કદાગ્રહોને પોષી રહ્યા છે, ને સમાજની ક્ષીણતા કરી રહ્યા છે. અફસોસ ! અફસોસ ! પણ આ કલિકાળનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે તેમાં મોહનું આવું પ્રાબલ્ય ન હોય તો ક્યારે હોય ?

**" ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકા, મોહ નડિયા કલિકાલ રાજે.**
**ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા. "—આનંદઘનજી**

પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધનવડે શુદ્ધ આત્મધર્મની સિદ્ધિ કરવી, શુદ્ધ આત્માને પ્રગટ કરવો, એ જ ભગવાન જિનેશ્વરનો સનાતન સંપ્રદાય છે, તે જ જૈન-ધર્મ છે, તે જ જિનમાર્ગ છે. જે વાટે ભગવાન ઋષભદેવજી તર્યા તે જ વાટે ભગવાન મહાવીર દેવ તર્યા છે, તે જ વાટે અન્ય સર્વ કોઈ મોક્ષગામી જીવ તરશે. આમ ત્રણે કાળમાં મોક્ષમાર્ગ એક અખંડ ને અભેદ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદિને આશ્રીને બાહ્ય લિંગ વ્રત આદિમાં ભેદ પડે તે ભલે, પણ મૂળમાર્ગ-પરમાર્થમાર્ગ તો ત્રણે કાળમાં એક જ છે, અને તે પરમાર્થને પ્રેરે-સાધ્ય કરે એવો સદ્વ્યવહાર જ સંતજનોને સંમત છે.

એવા શિષ્ટસંમત જિનમાર્ગને પરમાર્થથી જેટલે જેટલે અંશે જે જે અનુસરતા હોય તે તે તેટલે અંશે જિનમાર્ગમાં છે. બાકી બીજા જે તે માર્ગે ચાલવાનો દાવો કરે છે ને 'અમે જિનના અનુયાયી છીએ' એમ કહે છે, તે ભલે બાહ્યદૃષ્ટિથી તેમ કહેતા હોય વા કહેવાતા હોય, પણ અંતરંગ દૃષ્ટિથી જોઈએ તો ભાવથી, પરમાર્થથી, તત્ત્વથી જે જિનના માર્ગમાં વિચરતા હોય તે જ ખરા અર્થમાં જિનના સાચા અનુયાયી વા **ભાવજૈન** છે. બાકી તો નામજૈન છે-સંખ્યા પૂરણ માત્ર છે; કારણ કે 'જૈન' એ કાંઈ મત-આગ્રહવાચક શબ્દ નથી, પણ તત્ત્વદર્શનવાચક શબ્દ છે. એવા તત્ત્વ-દર્શનનો અનુયાયી તે જૈન અથવા જિન-વીતરાગનો અનુયાયી તે જૈન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવો '**જૈન**' જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં ન હોય રાગ કે ન હોય દ્વેષ, ન હોય ક્લેશ કે ન હોય કષાય, ન હોય કલહ કે ન હોય વિસંવાદ, ન હોય ઝઘડા કે ન હોય ટંટાફિસાદ, ન હોય દંડાદંડી કે ન હોય ગાલિપ્રદાન, ન હોય આગ્રહ કે ન હોય અસહિષ્ણુતા, ત્યાં તો કેવળ વિશુદ્ધ આત્મપ્રેમનું વાતાવરણ હોય, શાંતિનું સામ્રાજ્ય હોય, '**દયા દયા નિર્મળ અવિરોધ**' હોય, સર્વ જીવ પ્રત્યે સમભાવ હોય, સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિની ઉદાર દૃષ્ટિવિશાલતા હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરમ ભક્તિથી નિર્મલ આરાધના-ઉપાસના હોય. આવા સાચા જિનભક્તોના દર્શન વર્તમાન દુષમ કાળમાં દુર્લભ થઇ પડ્યા છે, પારમાર્થિક-આધ્યાત્મિક જિનમાર્ગે પ્રવાસ કરતા આવા મહાનુભાવો વિરલ જણાય છે. તેથી આ માર્ગ પ્રાયે શૂન્કાર જેવો થઈ પડ્યો છે. ક્વચિત્ ક્વચિત્ અંતરે અંતરે અત્રે કોઇ સિંહશિશુ જેવો એકલડોકલ પ્રવાસી નજરે પડે છે, ને તે પણ સંગાથે વિહરનારા સહયોગીઓનો વિરહ વેદતાં પોકારી ઊઠે છે કે '**સંગૂ કોઈ ન સાથ.**' વળી એવો કોઈ મહાનુભાવ મહાત્મા સંત આ કલિકાળમાં પાકે છે-ભૂલો પડી જાય છે, તો તેને બાહ્યદૃષ્ટિ લોકો-જગત્ જીવો ઓળખી શકતા નથી, ને પોતાના કાટલે તેનું માપ કરી તેનો યથેચ્છ લાભ ઉઠાવવાને બદલે ઊલટા તેને ઉપસર્ગ કરે છે! જેમ ગ્રીષ્મકાળમાં તળાવ સૂકાઇ જતાં માછલીઓ એની મેળે ઓછી થઇ ગઇ હોય છે ને રહીસહી હોય તે પણ બગલાની ચાંચમાંથી છટકી શકે નહિં, બગલા તેને પીંખી ખાય, તેમ આ *કલિકાળરૂપ ગ્રીષ્મમાં સાચા આત્માર્થી-પરમાર્થરંગી સત્પુરુષોનો આવિર્ભાવ વિરલ છે, ને તેવા વિરલ સત્પુરુષોને પણ ખલજનોરૂપ બગલાઓની છિદ્રાન્વેષણરૂપ ચાંચમાંથી છટકવું મુશ્કેલ થઇ પડે છે, દાંભિક દુર્જનોરૂપ બક-ભક્તો તેને પીંખી નાંખવા સદા તત્પર રહે છે.

આવી વિષમ પરિસ્થિતિમાં જિનમાર્ગે પ્રવાસ કરવા જે અંતરાત્માથી ઇચ્છતો હોય એવો સત્ય તત્ત્વગવેષક સુજ્ઞ જિજ્ઞાસુ, પરમાર્થપ્રેરક સહકારી બળોના અભાવે એકલતા અનુભવતો સતો, કેમ પોકારી ન ઉઠે? કે—

**"ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર;**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."**

પથિક—યોગિરાજ! જો આમ આપે કહ્યું તેમ જિનમાર્ગની એકતા સિદ્ધ છે, તો પછી તેના નામે આ ભિન્ન ભિન્ન સંપ્રદાયો કેમ ઝઘડતા હશે? કેમ વિવાદ કરતા હશે?

યોગિરાજ—હે ભદ્ર! એ જ મહાખેદની વાર્તા છે. જિનસંપ્રદાયની એકતા તો નિર્વિવાદ છે. મૂળ સત્ત્વની દૃષ્ટિએ વિચારતાં એ સહજ પ્રતીત થાય છે. ઝાડનું મૂળ એક હોય છે, મૂળને પકડીએ તો આખું ઝાડ હાથમાં આવે છે; ડાંખળાં-પાંદડાં ભિન્નભિન્ન અનેક હોય છે, તે પકડે છે તેને આખું ઝાડ હાથમાં આવતું નથી. તેમ **જિનદર્શનરૂપ**

* "कलावेकः साधुर्भवति कथमप्यत्र भवने, स चाघ्रातः क्षुद्रैः कथमकरुणैर्जीवति चिरम्।
अतिग्रीष्मे शुष्यत्सरसि विचरच्चतुरतया, बकोटानांमग्रे तरलशफरी गच्छति कियत्॥"
—શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તત્ત્વવૃક્ષનું આત્મધર્મરૂપ×મૂળ** જે પકડે છે, તેને આખો માર્ગ હાથમાં આવે છે; જે બાહ્ય સાધન-વ્યવહારના ભેદરૂપ ડાંખળાં-પાંદડાં પકડે છે તેને તે હાથમાં આવતો નથી, તે તો ભ્રાંતિમાં ભૂલા ભમે છે ને મિથ્યા ઝઘડામાં પડે છે, તેવા મતાગ્રહી જીવો કોઇ કાળે કલ્યાણ પામતા નથી; માટે તેવા મતાગ્રહમાં પડવું આત્માર્થીને યોગ્ય નથી.

**" પરમારથ પંથ જે વહે, તે રંજે એક તંત રે;**
**વ્યવહારે લખ જે લહે, તેહના ભેદ અનંત રે. ધરમ પરમ અરનાથનો.**
**વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે;**
**શુદ્ધનય થાપના સેવતાં, રહે ન દુવિધા સાથ રે. ધરમ પરમ૦ " —આનંદઘનજી**

વળી સર્વજ્ઞરૂપ આરાધ્ય દેવ જો એક છે, તો તેના આરાધકોમાં કેમ ભેદ હોઇ શકે? વિશાળ દૃષ્ટિથી જોઇએ તો સર્વજ્ઞને માન્ય કરનારા સર્વ કોઇ-જૈન કે જૈનેતર એક જ સંપ્રદાયના છે. જેમ કોઇ રાજાના આશ્રિત, વિવિધ સ્થાનમાં નિયુક્ત થયેલા, એવા અનેક નાના-મોટા સેવક-દાસ હોય, પણ તે બધાય તેના ભૃત્યવર્ગમાં ગણાય છે; તેમ સર્વજ્ઞ પરમાત્મારૂપ સ્વામીને માનનારા જૈન તો શું-અજૈન પણ-તે એક ભગવાનના જ સેવક ભક્ત હોઇ, એક જ સનાતન સંપ્રદાયના અનુયાયી છે.

જો આરાધ્ય *સર્વજ્ઞ દેવ એક છે, તેના સ્વરૂપમાં ભેદ નથી, અને જો સામાન્યથી સર્વ દર્શનવાદીઓ તેનો સ્વીકાર કરે છે ને તેના વિશેષ સ્વરૂપને તો અસર્વદર્શીઓ જાણતા નથી, તો પછી તે સર્વજ્ઞના આરાધક ભક્તો એક અભેદ સંપ્રદાયના કેમ ન ગણી શકાય વારુ? સમર્થ યોગાચાર્ય **મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ** એમ જ ઉદાર વિચાર દર્શાવ્યાં છે, તો પછી મત-દર્શનના ઝઘડા શા? ટંટા શા? વિસંવાદ શા?

અરે! ભગવાન જિનેશ્વરનું દર્શન તો સાગર જેવું છે. જેમ સમસ્ત સરિતાઓ સમુદ્રમાં સમાઈ જાય છે તેમ ઇતર દર્શનરૂપ સરિતાઓ જિનશાસનરૂપ સાગરના એક દેશમાં સમાઇ જાય છે—અંતર્ભૂત થઇ જાય છે. પરાર્ધની સંખ્યામાં સો સમાઇ જાય ખરા કે નહિં? છએ દર્શન સમ્યગ્દૃષ્ટિથી જોઇએ તો જિનદર્શનના અંગભૂત છે. 'સ્વસમયમાં પરસમય અવતારવાનું પટુત્વ ન આવ્યું તો જ્ઞાનગર્ભતા કેમ આવશે?'

---

× " તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. " —**મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી**

* " નહિં સર્વજ્ઞ જૂજૂઆ જી, તેહના વળી દાસ;
ભક્તિ દેવની પણ કહી જી, ચિત્ર અચિત્ર પ્રકાશ.
મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ. "—**શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજ્ઝાય**

**" यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिता दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥**
**सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः, सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥"**
**—શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે...**
**ષડ્દરશન જિન અંગ ભણીજે.—આનંદઘનજી**

આવા પરમ ઉદાર જિનદર્શનનો જે અનુયાયી હોય તે મત-પંથ આદિનો આગ્રહી કેમ હોય? ન જ હોય. તે મહાનુભાવ તો સર્વથા નિરાગ્રહી, અનેકાંત દૃષ્ટિવાળો સ્યાદ્વાદી જ હોય; તેની દૃષ્ટિ અત્યંત વિશાળ હોય, તેનું હૃદય પરમ ઉદાર હોય; તે સાપેક્ષ દૃષ્ટિથી જોનારો હોઇ, સર્વ વિરોધનું મથન કરી સર્વ કોઈને પોતાના વિશાળ પટમાં શમાવનારો હોય; તે વિશ્વબંધુત્વની ભાવનાથી ભાવિત હોઇ વિશ્વવત્સલ હોય.

પણ વર્તમાન સમાજની સ્થિતિ વિચારીએ તો કોઇ પણ સહૃદયનું હૃદય દ્રવે એવી છે. આ વર્તમાનકાળમાં મોક્ષમાર્ગ ઘણો લોપ જેવો થઇ ગયો છે, તે જોઇ કરુણા ઉપજે એવી સ્થિતિ છે. કોઇ જીવો કેવળ બાહ્ય ક્રિયાના આગ્રહી-'**ક્રિયાજડ**' થઇ બેઠા છે, તો કોઇ કેવળ '**શુષ્કજ્ઞાની**' થઇ પડ્યા છે, ને પોતે મોક્ષમાર્ગ આરાધે છે એમ માની આત્મસંતોષ અનુભવે છે! કોઇ જીવો કેવળ નિશ્ચયને જ વળગી રહી વ્યવહારનો નિષેધ કરે છે, તો કોઇ વળી વ્યવહારનો જ કદાગ્રહ કરી નિશ્ચયનો દુર્લક્ષ કરે છે, ને તે પ્રત્યેક પોતે મોક્ષમાર્ગને અવલંબે છે એમ મિથ્યા અભિમાન ધરે છે. પણ સર્વ વિરોધનું મથન કરનારા અનેકાંત સ્યાદ્વાદની દૃષ્ટિએ તે તે એકાંતપક્ષવાદી ખોટા છે, કેવળ સ્વચ્છંદે વર્તે છે એમ જણાય છે.

જિજ્ઞાસુ પથિક—મહાત્મન્! આપે આ ક્રિયાજડ ને શુષ્કજ્ઞાની કહ્યા, તેની કાંઈ વિશેષ સ્પષ્ટતા કરવા કૃપા કરો.

અવધૂત યોગિરાજ—મહાનુભાવ! અત્રે જે **ક્રિયાજડ** લોકો છે તેઓ પ્રાયઃ બાહ્ય વ્યવહાર સાધનને સાધ્ય માની બેઠા છે ને મુખ્ય નિશ્ચય સાધ્યને ભૂલી ગયા છે. એટલે તેઓ અનેક પ્રકારની દ્રવ્યક્રિયા કરવામાં ખૂબ પરિશ્રમ ઉઠાવે છે, પણ પ્રાયે ભાવને સ્પર્શતા નથી; ક્રિયાજડપણે યંત્રવત્ ક્રિયા કર્યા કરે છે, પણ અંતરંગ આત્મપરિણતિરૂપ ભાવક્રિયાને-અધ્યાત્મક્રિયાને પ્રાયે સ્પર્શતા નથી, કંઇ પણ અંતર્ભેદ અનુભવતા નથી. વળી તેઓ જ્ઞાનમાર્ગનો નિષેધ કરે છે. એટલે જ

એઓની ક્રિયામાં પ્રાયે નિરસતા-શુષ્કતા જણાય છે, ભાવરૂપ ચૈતન્યરસની આર્દ્રતાની. તેમાં તે તે ક્રિયાનો કાંઇ દોષ નથી, તે તે પ્રત્યેક ક્રિયા તો પરમ અદ્ભુત ને સ્વભાવસુંદર હોઈ અધ્યાત્મતરંગિણીમાં નિમજ્જન કરાવનાર છે. દોષ હોય તો આ જીવોની સમજણનો છે, કારણ કે તેઓ તે તે ક્રિયાને અવગાહતા નથી, તેમાં ઊંડા ઉતરતા નથી, તેનો અધ્યાત્મરસ ચાખતા નથી, પોતે મીઠાશ અનુભવતા નથી, ને તે તે ક્રિયાના ઉદ્દિષ્ટ ઇષ્ટ પરમાર્થ ફળથી વંચિત રહે છે. દાખલા તરીકે-'ત્યાગ-વૈરાગ્ય'+ આદિ, એ મોક્ષમાર્ગના

+"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણા નિદાન."—**શ્રી આત્મસિદ્ધિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધન છે ખરા, પણ તે જો આત્મજ્ઞાન સહિત પ્રવર્તતા હોય તો મોક્ષરૂપ એકાંત ફળ આપવાવડે કરીને સફળ છે; કારણ કે જેના ચિત્તમાં-અંતરંગમાં-અંતરાત્મામાં ત્યાગ-વૈરાગ્યનો દઢ રંગ ન લાગ્યો હોય તેને જ્ઞાન થાય નહિં; ને જે ત્યાગ-વૈરાગ્યમાં જ અટકી પડે-તેથી આગળ ઇષ્ટ નિશ્ચય લક્ષ્ય ભણી ન વધે, તે પોતાનું જ ભાન ભૂલી જાય, ને મોક્ષરૂપ એકાંત ઇષ્ટ ફળ પામે નહિં. હા, પુણ્યોપાર્જનરૂપ અનેકાંત ફળ પામે, પણ ભવ-ભ્રમણ ટળે નહિં, એમ સ્થિતિ છે.

**એક કહે સાધીએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે;**
**ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહે લેખે;**
**ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા.—આનંદઘનજી**

વળી કોઇ લોકો શુષ્ક જ્ઞાનની જ 'વાતો' કરે છે. આત્મા-આત્મા એમ કહ્યા કરે છે, 'બંધ-મોક્ષ આદિ કલ્પના છે' એમ કહે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્તે છે ને સ્વચ્છંદે પ્રવર્તે છે! તેઓ તો શુષ્ક **જ્ઞાનીઓ,** નામ અધ્યાત્મીઓ, કથન જ્ઞાનીઓ, પોલા જ્ઞાનીઓ છે. તેમના મુખમાં જ્ઞાનની વાતો છે પણ આત્મામાં આત્માનો નિશ્ચય નથી. તેવા શુષ્ક જ્ઞાનીઓ અથવા તો શુદ્ધ અધ્યાત્મરસની આર્દ્રતા વિનાના કોરાધાકોર અજ્ઞાનીઓ ભલે 'જ્ઞાનદશા' પામ્યા વિના ખાલી પોકળ વાતો કરે, વાચાજ્ઞાન બતાવે, પાંડિત્યનું પ્રદર્શન કરે, મોટા મોટા વ્યાખ્યાનો કરી વક્તાબાજી કરે, પણ તેઓ તો જ્ઞાનીનો દ્રોહ જ કરે છે. સકલ જગત એઠ જેવું કે સ્વપ્ન-ઇંદ્રજાળ જેવું જેને સાચેસાચી દઢ આત્મપ્રતીતિથી ભાસે તેવા નિર્મોહી જ જ્ઞાની છે; બાકી બીજા બધા તો નામ અધ્યાત્મી, વાતો કરનારા વાતુલ-વાતોડિઆ છે. કારણ કે તેઓ 'અધ્યાત્મ અધ્યાત્મ' કહ્યા કરે છે પણ અધ્યાત્મનું સ્વરૂપ સમજતા નથી કે-'જે ક્રિયા નિજ સ્વરૂપને સાધે છે તે અધ્યાત્મ છે, ને જે ક્રિયા કરી ચતુર્ગતિ સાધે તે અધ્યાત્મ નથી, માટે સાચો અધ્યાત્મપ્રેમી હોય તે તો નામઅધ્યાત્મ આદિ છોડી દઈ, નિજ ગુણને સાધનારા '**ભાવઅધ્યાત્મ**'માં જ રઢ લગાડીને મંડી પડે, વસ્તુનો વિચાર કરે તે અધ્યાત્મ-અધ્યાત્મી છે. બાકી બીજા લબાડ છે, લપલપીઆ છે.'

**" નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ કહીએ રે,**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ લહીએ રે.**
**શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે.**

**નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;**
**ભાવ અધ્યાત્મ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે.—શ્રી શ્રેયાંસજિન૦**

**અધ્યાતમ જે વસ્તુ વિચારે, બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી શ્રેયાંસજિન૦**

(અપૂર્ણ) **—આનંદઘનજી**

**—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા. M. B. B. S**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુવર્ણ

૨૮. કરજ અને કણુ શરૂઆતમાં સુખપ્રદ લાગે છે પણ પરિણામે ત્રાસ ઉપજાવે છે.

૨૯. અતિ ઋણવાળાને નિરાંત ક્યાંથી હોય ?

૩૦. ઉપાધિજન્ય મહેલના વસવાટ કરતાં નિરુપાધિક એવી સંતોષી કૃષકની ઝુંપડી શાંત-ચાહકને આનંદ આપે છે.

૩૧. નિર્દોષ આનંદ ગમે ત્યાંથી મેળવી લ્યો.

૩૨. ક્યાંઇ પણ જતાં માનવતા વિસરવી નહિ.

૩૩. જેને જોઇ આંખમાં અમી આવે તે પૂર્વભવનો મિત્ર જાણવો.

૩૪. જેને દેખી રોષ થાય, આંખો મિંચાઈ જાય તેને પૂર્વશત્રુ જાણવો.

૩૫. મધુર વાણી, દાન, દેવ–ગુરુપૂજન અને કવિત્વશક્તિ એ પ્રાયઃ દેવગતિથી આવેલના લક્ષણ છે.

૩૬. કેટલાક મુખ કદી ભૂલાતા નથી. કેટલાક મોઢા શીઘ્ર ભૂલાઇ જાય છે.

૩૭. દોષ જોવો જ હોય તો પોતાનો જુઓ.

૩૮. બદરી વાવીને કદલીની આશા સેવવી તે મૂર્ખાઇ છે.

૩૯. કોઇને આંસુ પડાવશો નહિ; બને તો કોઇના આંસુ લૂછો.

૪૦. કોઇના સ્વમાનને હણશો નહિ.

૪૧. તમને અપ્રિય હોય તે બીજા પ્રત્યે ન આચરો, મહાજનોએ ઉપદેશેલો ધર્મનો આ સાર છે.

૪૨. સ્વદેશમાં રહે તે યશ, વિદેશમાં ફેલાય તે કીર્તિ.

૪૩. કોઇ પણ જાતિમાં થયેલું ઉત્તમ વિધાન સર્વને પૂજ્યપાત્ર બને છે.

૪૪. ગુણીને જોઈ આનંદ થાય એ ગુણ આવવાનો માર્ગ છે.

૪૫. અતિ સર્વ વર્જવા યોગ્ય હોય છે.

૪૬. રોગનું મૂળ ખાંસી, વિનાશનું મૂળ હાંસી.

૪૭. કોઇનો મર્મ ન પ્રકાશવો.

૪૮. થોડા કલાક માટે ખરીદેલ રેલઘરમાં અન્યને આવતાં ન અટકાવશો, તમને કોઈ અટકાવે ત્યારે કેવું થાય છે એ વિચારી જોશો.

૪૯. હલકા કુળથી નહિ પણ હલકા કામથી હલકાઇ છે.

૫૦. ઉન્નત વિચારો માનવને વહેલા મોડા પણ ઉન્નત સ્થાને પહોંચાડે છે.

રાજપાલ મગનલાલ વહોરા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રભાવિક પુરુષો

### પટ્ટધર બેલડી (૭)

"અરે ! જીવનના પ્રાંતભાગે મારા નશીબે આ દુઃખ જોવાનું ? યુવાનીના તનમનાટમાં અમાત્ય પદવીના અધિકાર કાળે મને આવા કરુણ ભવિષ્યનો સ્વપ્ને પણ ખ્યાલ હતો ? હા દૈવ ! તેં મારી લીલી વાડીને જોતજોતામાં કેટલી હદે વિણુસાડી દીધી ? સ્નેહના સરોવર સમી પ્રેયસી લક્ષ્મીને પોતાની લાડીલી બાળકી કૃષ્ણાને સાસરે વળાવવાના કેવા કોડ હતા ? એને સંસ્કારી બનાવવા સારુ તો એ બિચારીએ પોતાનું જીવન ખરચ્યું હતું. કુળવાન કુટુંબનો મૂરતિયો શોધવામાં લોહીનું પાણી કર્યું હતું, પરંતુ ધાર્યું કોનું થાય છે ? એ મારી ધર્મ-પત્નીના ગુજરી ગયા પછી મને, મારી બે પુત્રીઓને અંગે જે દુઃખ પડયું છે તેનું વર્ણન આપની પાસે કરવું તે મને યોગ્ય લાગતું નથી કારણકે તેમાં અમારા દુઃખી સંસારનું ચિત્ર છે. એ દુઃખથી કંટાળીને હું આ વાવડીમાં ડુબીને મરણ પામવા ઇચ્છતો હતો. તેમાંથી આપે મને બચાવી લીધો છે."

" ભલા માનવ ! તું મુદ્દાની વાત પર કેમ નથી આવતો ? અમો કંચન–કામિનીના ત્યાગી નિર્ગ્રંથો સંસારના બંધનોને ઇચ્છાપૂર્વક ત્યજી દઇ કેવળ આત્મશ્રેયના ઇરાદાથી–દેહ અને ઇંદ્રિયોનું દમન કરતાં–નવ નવા પ્રદેશમાં વિચરી પ્રાપ્ત થતાં પરિષહો વેઠતાં અને આવી પડતાં ઉપ-સર્ગો સહન કરતાં–ગોચરીથી જીવન નિભાવતા સાધુઓ છીએ. આવા કુદરતી ઉપવનો એ જ અમારા નિશાકાળના આરામસ્થળો. ધરતીનું ઓશિકું અને આભનો ચંદરવો–એ હેઠળ અમાપ નિર્ભયતા ને શાંત નિદ્રા. જોને મારા શિષ્યો કેવા શાંતપણે ઊંઘનો આસ્વાદ લઇ રહ્યા છે. જો કે અમારા સિદ્ધાંતમાં શ્રેષ્ઠ સ્થાન તો જાગર ઉજાગર દશાને છે પણ જ્યાંસુધી દર્શના-વરણીય કર્મનો જડમૂળથી ઉચ્છેદ ન થાય ત્યાં લગી એ આવી ન જ શકે. વળી પાદવિહાર અને આવશ્યક ક્રિયારત જીવન એટલે દિવસના પરિશ્રમના અંતે આ પ્રકારની મીઠી નિદ્રા અમને તો સહજ છે. તારા પ્રાણરક્ષણના એક જ ધ્યેયથી સંસારી રંગે રંગાયેલું તારું બ્યાન હું સાંભળી રહ્યો છું. એક વાર ફરીથી યાદ આપું છું કે તને પહાડ સમું લાગતું આ કષ્ટ જ્ઞાની ભગવંતના જ્ઞાનમાં કર્મરાજના જે જે ષડ્યંત્રોની લાંબી હારમાળા જોવાયેલી છે એમાં કંઇ જ વિસાતમાં નથી, છતાં દુખિ-યારાને આશ્વાસન દેવું, યથાશક્તિએ તેનું નિવારણ કરવા પ્રયાસ કરવો, એ માનવતાનું લક્ષણ છે. એટલું જ નહિં પણ સંત માટેનો પરમ પરમાર્થ છે. ક્ષણો વીતે છે. પ્રાતઃકાળના ભણકારા સંભળાય છે. મુસાફરખાના સમા આ જગતમાં એકત્ર થયેલા આપણે ઉષાના કિરણો ફુટતાં જ નિરાળા પંથે પ્રયાણ કરી જશું; માટે એ દુઃખો સૂચવતા સમાચાર સત્વર બોલી નાખ.

" મહાત્માજી ! સાચે જ બે દીકરીના રંડાપાના સમાચાર સાંભળ્યા છતાં આ દુર્ભાગી હજુ જીવે છે."

આ બધું સાંભળીને સંસારને લાત મારનાર સંત ઘડીભર મૌનસ્થ બની ગયા. સંત હતા છતાં માનવહૃદયવિહૂણા નહોતા. પોતાનું પૂર્વજીવન તદ્દન વીસારી નહોતું દીધું. કોઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનોખી પળે એ પ્રતિ માનસિક પ્રકાશ ચમકી જતો. જાણે અલ્પકાલીન સમાધિમાંથી જાગ્રત બની ન ઉચ્ચારતા હોય તેમ એ સંત બોલ્યા.

"મહાનુભાવ! મુંઝાઈશ નહીં. શૂળીનું વિઘ્ન સોયે ગયું છે. તારી સાંભળેલી વાત ખરી છે. પણ તારી પુત્રીઓના સૌભાગ્ય–કંકણો અખંડ છે. સર્વનાશના કિનારે પહોંચેલું નાવ પૂર્વપુન્યાઇના યોગે સલામતીની દિશામાં ખેંચાઇ ગયું છે. યશોદાનો ભાગ્યરવિ પૂર્ણપણે પ્રકાશી ઉઠયો છે, અને પશ્ચાત્તાપનો પાવક જેના અંતરને પ્રજ્વલિત કરી શુદ્ધતા અર્પી રહ્યો છે એવા રામચંદ્રના મનોપ્રદેશમાં કૃષ્ણા માટેનું આકર્ષણ સહજ જન્મી ચૂકયું છે. આમ સ્વપ્રતિજ્ઞાના જોરે તારી બન્ને તનયાઓ, કદર્થનાઓ ખમીને સુખના મધ્યાહ્ને પહોંચી છે. 'તડકા પાછળ છાંયડો અથવા દુઃખ પાછળ સુખ' એ કુદરતનો કાનૂન સત્યરૂપે પ્રકાશી ઉઠયો છે. તારી જીવનરક્ષા કુદરતી રીતે શુભ સમાચાર સંભળાવવાના નિમિત્તરૂપે પરિણમી છે."

"પૂજ્ય ગુરુજી! તો એ આગંતુકે મને ખોટા સમાચાર આપ્યા? મારી સાથે વિના કારણ છળ કર્યો?"

"ના, તેમ નથી, જે બનાવની એણે વાત કરી એ સંકટ આવેલું તો ખરું, પણ એ ઝાઝો સમય ન ટકી શકયું. પવિત્ર પ્રેમદાની પતિભક્તિ પ્રકાશી ઊઠી, સહનશીલ વામાની ધીરજ સફળ થઇ. એ બનાવ વેળા ખબર કરનાર પથિક ત્યાં ન હતો, એ પાછળનો પડદો ઉચકાયો ત્યારે એણે તો કેટલીએ ભૂમિ ઓળંગી દીધેલી–એમાં કેટલા ય દિનોનું અંતર પડી ગયું."

"તારણહાર! આપે અહીં રહ્યા આ બધું શી રીતે જાણ્યું? મારા નિર્ભાગી પર કૃપા આણી જરા સવિસ્તરપણે એ વ્યતિકર કહી સંભળાવો. હું સમજું છું કે આપ સરખા શ્રમણને આવી વાતમાં દોરવવા એ દોષના કારણરૂપ છે, છતાં હું પામર પ્રાણી છું, સંસારી સ્નેહની આસક્તિથી લેપાયેલ છું. લોહીના તંતે સંધાયેલ દુહિતાઓના સુખ જાણવા આતુર છું. પરોપકારી સંત એટલો પરોપકાર કરો."

"જો ભાઈ! તારા ગામત્યાગ પછી, ઘરકામની કાળજીભરી સંભાળે, હૃદયની સાચી ભક્તિએ, પતિભક્તિની અનુપમ સુવાસે પ્રબોધનું દિલ યશોદાએ આકર્ષી લીધું. બીજી બાજુ રામચંદ્રની ચાલબાજી ઉઘાડી પડી અને એની સાથેનો મૈત્રી સબંધ તૂટયો. પ્રબોધ ગ્રામ્યજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતા ખેડૂતોના કલ્યાણ કાર્યમાં પડ્યો. પાપાત્માઓને અને દુરાચારીઓને ઉઘાડા પાડવામાં નિર્ભયપણે ભાગ લેવા લાગ્યો. પોતાની સાળી કૃષ્ણાની પવિત્ર રહેણી–કરણી સામે પતિ એવા રામચંદ્રનું કલંકી વર્તન નિહાળી એનો રોષ એક સમયના એ મિત્ર સામે ભભુકી ઊઠયો. રામચંદ્રને પણ પ્રબોધના સુખી સંસારમાં આગ લગાડવાની અને એ રીતે કૃષ્ણાના રહ્યાસહ્યા આશ્રયસ્થાનનું ઉન્મૂલન કરવાની લગની લાગી. એણે ડાકુઓનો સધિયારો શોધ્યો. પ્રબોધને ફસાવવાનો પેંતરો રચ્યો. 'ખાડો ખોદે તે પડે' એ કાળજૂની કહેવત સો ટકા સાચી પડી. ગોઠવેલ બાજીમાં મામુલી ક્ષણોના વિલંબે ગોટાળો કરી દીધો. પ્રબોધને ફસાવી, એનો કિમતી પોશાક ઉતારી લઇ, રામચંદ્ર એને એક નોકરની દેખરેખમાં સોંપી ડાકુની શોધમાં નીકળ્યો. કેદી એવા પ્રબોધને કોટડીમાં પૂરી પેલો નોકર નજીકમાં પડેલા એના કપડા ફંફોસવા લાગ્યો. ખીસામાંનું નાણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરખી એનો જીવ ચળ્યો. એ પોશાક સજી જ્યાં પલાયન કરવા માંડે છે ત્યાં ડાકુઓની ટુકડી આવી પહોંચી. પ્રબોધના પોશાકમાં સજ્જ બનેલ નોકરનું પ્રબોધ સમજી ખૂન કર્યું. શબને રફેદફે કરે તે પૂર્વે કોઇના પગલા સંભળાયા અને ટોળી રફુ ચક્કર થઈ. આવનાર રામચંદ્ર ચક્ષુ સામેનો દેખાવ જોઇ નાચી ઊઠયો! ચિરકાળની આશા પાર પડેલી નિરખી એનો હર્ષ ઉભરાઇ ગયો! સમય-સ્થાનનું લક્ષ્ય ચૂકયો! પ્રબોધના ગુમ થવાથી, પતિપરાયણા યશોદાના ઘરમાં રડારોળ મચી. વાત ગામમુખીના કાને પહોંચતાં જ તે પોલિસો સાથે નીકળી પડ્યો, અને પગીની દોરવણીના આધારે આ ગુપ્ત સ્થાનમાં આવી ચઢ્યો. પ્રબોધનું મુડદું ને નજીકમાં ઉભેલ હસતા મુખડાવાળો રામચંદ્ર! ખૂન અને ખૂની-તરત જ હાથ કડી કરી રામચંદ્રને લઈ સૌ યશોદાના ઘરમાં આવ્યા. આ દ્રશ્ય જોઈ, કૃષ્ણાની તો છાતી બેસી ગઈ! યશોદા કપડાથી ઢાંકેલા મૃતક પાસે આવી. ખૂનીએ છરા મારી મુખ તો એવી રીતે છુંદી નાંખેલું કે જેથી ઓળખી શકાય નહીં. આવું કરુણ મૃત્યુ જોયાં છતાં યશોદાના અંતરમાં આઘાત ન ઉદ્દભવ્યો. તેનું હૃદય પોકારી રહ્યું કે-પોશાક પતિનો છે છતાં મારો પતિ આ ન હોય, મરણ ખરેખરૂં થયું હોય તો આવા સમયે મારી છાતી ચીરાઈ જાય. કુદરતી રીતે દેહમાં કોઇ અનેરું સંચાલન થાય. એમાંનું કંઇ જ બનતું નથી. હિંમતથી એ પોકારી ઊઠી કે-"આ મારો પતિ નથી." સૌ આશ્ચર્ય પામ્યા. રામચંદ્રને એકાએક યાદ આવે છે કે પ્રબોધના કપડા પોતે ઉતરાવ્યા હતા. એની સંભાળમાં મૂકેલ નોકર કયાં ? સહજ શંકા ઉદ્દભવી. એ નોકરનું આ શબ હોય તો! તેણે પોલિસને વાત કહી. એના બંધ ઢીલા કરી આગળ આણવામાં આવ્યો. કપડું દૂર કરતાં જે દેહ દેખાયો એ ઉપરથી પતિવ્રતા યશોદાએ અને રામચંદ્રે ખાતરીથી કહ્યું કે આ પ્રબોધ નથી પણ પેલા નોકરનો દેહ છે. મુખીને વિચાર આવ્યો કે એ સ્થાનની નજીકમાં જ કોઇ સ્થળે પ્રબોધને સંતાડેલો હોવો જોઇએ. તરત જ એ પાછો ફર્યો. મૃતક પડયું હતું એની નજીકમાં એક તરફ ઊભી કરાયેલી એક શિલા જોવામાં આવી. એને હઠાવતાં એકાદ ભોંયરામાં જવાની પગથી જણાઇ. થોડે દૂર જતાં જ એક બંધ કોટડીમાં કંઇક અવાજ સંભળાયો. એ ખોલતાં જ કેદી દશામાં પ્રબોધ નજરે ચઢ્યો. બંધનથી મુક્ત કરી સૌ પાછા ફર્યા. યશોદાના ઘરમાં આનંદના પુર ઉભરાયાં. રામચંદ્રના ચહેરા પર વિષાદની કાલિમા પથરાઇ રહી. એનું મન પોકારી ઉઠયું કે—એના બાર વાગી ગયા. શૂળીનો માચડો સામે જ છે. માત્ર પ્રબોધ ઉચ્ચાર કરે તેટલો જ વિલંબ છે; કેમકે આ કામ પાછળ એનો હાથ છે એ વાત તે સારી રીતે જાણતો હતો.

પ્રબોધે પ્રથમ યશોદા તરફ, પછી કૃષ્ણા તરફ અને આખરે રામચંદ્ર તરફ દૃષ્ટિપાત કરી, મુખીને ઉદ્દેશી કહ્યું કે—

"મહાશય! હું જીવતો આવ્યો છું એ કંઇ જેવો તેવો આનંદ ન ગણાય. આ બનાવ પર વધુ ચુંથણા ન ચુંથાય એ ઇરાદાથી હું પડદો પાડવા ચાહું છું. આનંદના અવસરમાં એ જ શોભે." સૌના વિખરાયા પછી રામચંદ્ર દોડી આવી પ્રબોધના ચરણમાં પડ્યો. ગળગળા સાદે બોલ્યો-મિત્ર! મેં તો તારું નિકંદન કાઢવા નક્કી કરેલું પણ તારા પ્રબળ પુન્યે તું બચી ગયો, એટલું જ નહિં પણ મારા સરખા અપરાધીને ફાંસીને લાકડે ચઢતો બચાવ્યો! તારો કઇ રીતે ઉપકાર માનું?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રબોધ–સાચી મિત્રતા આવી જ હોય. તને સાચા હૃદયનો પશ્ચાત્તાપ થયો હોય તો ગઈ ગુજરી ભૂલી જા અને જીવનનું નવું પાનું ઉઘાડ. કૃષ્ણા બહેનને સુખી કરી જૂના વર્તનનો બદલો વાળી દે. અભણ લેખાતી યશોદાએ મારો સંસાર સુખમય બનાવ્યો અને પતિવ્રતા ધર્મ દાખવી જીવન રક્ષ્યું. સહેજ પ્રમાદ કરત તો ખેલ ખલાસ થઈ જાત! એ જીવતી રંડાઈ ઝુરી ઝુરીને મરત! હું અંધારે ખૂણે મરત. સિતારો પાંસરો છે જેથી એમ નથી બન્યું. ચાલો ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીએ.

"ઓ પથિક! તું જેમની ચિંતા કરી રહેલ છે અને જેમના વિષેના સમાચારથી આપઘાતને નોતરી રહ્યો હતો તે તારા વહાલા સંતાનો અત્યારે ઉપર વર્ણવેલી સ્થિતિમાં સંસારીજીવનનો લ્હાવો લે છે. પરમાત્મા શ્રીમહાવીરદેવના અનેકાંતદર્શનમાં પાંચ પ્રકારના જ્ઞાન દર્શાવેલાં છે. એમાંના સર્વ શ્રેષ્ઠ 'કેવળજ્ઞાન' થી સારાએ જગતમાં બનતાં નાના મોટા પ્રત્યેક બનાવોનું જ્ઞાન હસ્તામલકવત્ થઈ શકે છે. એનાથી ઉતરતાં એવા મનઃપર્યવ અને અવધિજ્ઞાન પણ મર્યાદિત રીતે આસપાસના અમુક ક્ષેત્રો પર્યંતના બનાવો પર અજવાળું પાડી શકે છે; અને એથી ઉતરતાં સામાન્ય રીતે પ્રત્યેક આત્મામાં હોય છે એવા મતિ અને શ્રુત એ બે જ્ઞાન પણ અમુકાંશે આવા પ્રકારના નિરૂપણમાં સ્હાયક તો છે જ. શ્રુતજ્ઞાનનું બળ આત્મા એટલી હદે વિકસાવી શકે છે કે એ ચૌદપૂર્વનો જ્ઞાતા બને છે અને ઉપયોગદ્વારા એ જે કંઈ કથન કરે છે એ સૌ પ્રથમ વર્ણવેલ જે કેવળજ્ઞાન એના સરખું જ સત્ય નિવડે છે. આમાંના કોઈ જ્ઞાનના પ્રભાવથી મેં તારા દુખિયારા અંતરમાં ઉજાશ ફેંક્યો છે. એનો તાલો મેળવવો હોય તો મેળવી શકાય તેમ છે. માનવ નિશ્ચય કરે તો એને માટે કંઈ જ અશક્ય નથી. આત્મા અનંત શક્તિનો ધણી છે."

"ગુરુદેવ! પરોપકાર કરવાનો આપનો જીવનમંત્ર છે એ સાચું છે, છતાં મારા જેવા માટે તો આપ પ્રાણદાતા છો. એક વાર આપે વર્ણવેલું દૃશ્ય નજરે જોવાના મને કોડ છે એટલે અત્યારે તો હું પાછો ફરું છું. કૃપા કરી મને એટલું કહો કે આપનો મેળાપ મને પુનઃ ક્યાં થઈ શકશે? મારું શેષ જીવન આપના ચરણમાં વીતાવવાનો મેં નિરધાર કર્યો છે."

"મુસાફર! અમારા સરખા અનગાર માટે ખાસ નિયત સ્થળ તો ન જ સંભવી શકે, છતાં જો તું થોડા દિવસોમાં પાછો ફરવાનો હોય તો પ્રતિષ્ઠાનપુરમાં રાજપુરોહિત ભદ્રશંકરની વસતીમાં આવી મળજે. નિર્ગ્રંથ યશોભદ્રસૂરિ મારું નામ છે."

પેલો મુસાફર પંથે પળ્યો ત્યારે પ્હો ફાટવાને થોડીક વાર હતી. સૂરિજી સહજ સંથારા પર આડા પડ્યા. સહેજ આંખ મળી ગઈ. એમણે કોઈ અદ્ભુત સ્વપ્ન દીઠું અને ત્યાં તો શિષ્યના સાદે આંખ ખુલી ગઈ તો માલૂમ પડયું કે અહર્નિશ જે સમયે વિહાર કરતા હતા એ કરતા કંઈક મોડું આજે થયું હતું. કેટલીક વાર તો શિષ્યો પૂર્વે સૂરિજી તૈયાર થઈ જતા. એથી શિષ્યો વંદના કરી રહ્યા કે તરત જ એમાંના એકે પૂછ્યું—

"ગુરુમહારાજ! શરીરે તો સુખશાતા છે ને? આંખો પરથી બરાબર નિદ્રા આવી હોય તેમ જણાતું નથી."

"વત્સ! તારી શંકા અસ્થાને નથી, છતાં એની વિચારણામાં કાળક્ષેપ કરવો એ પોસાય તેમ ન હોવાથી સત્વર વિહારની તૈયારી કરો. અને પ્રતિષ્ઠાનપુર તરફ પગલા ભરવા માંડો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાએક ગુરુજી તરફથી આવી આજ્ઞા સાંભળતા જ સૌ અજાયબી પામ્યા. જે સ્થાન છોડ્યાને પૂરા પાંચ માસ પણ નહોતા થયા. હજુ તો વિદાય વેળાએ ભદ્રશંકરે વિનંતિ કરેલી કે દેવ ! આ તરફનો પ્રદેશ આપની ઉપદેશવાણી સારી રીતે ઝીલી લેશે. આપ સુખેથી વિચરશો. રાજવીએ પોતાની ઇચ્છાથી એ માટે સગવડ કરેલી છે. ચોમાસુ પાછા ફરી મારી વસતીમાં જ વીતાવશો. માર્ગમાં એ માટે અનુકૂળતા જણાય તો તેમ કરી વસંતમાં પાછા ફરશો. દરમીયાન મારી તૈયારી કરી રાખી, હું આપની માર્ગપ્રતીક્ષા કરતો રહીશ.

આ શબ્દોના રણકાર હજુ તાજા પડ્યા છે. ચોમાસાને હજી ત્રણ મહિનાની વાર છે. આ રળિયામણા-લીલા કુંજારસમા પ્રદેશમાં-વિચરવામાં અપૂર્વ આનંદ આવે છે. આત્મહિત સાથે જનહિત પણ સધાય છે ત્યાં ગુરુદેવે એકાએક આવો આદેશ કેમ આપ્યો હશે ? આ પ્રકારના શંકાના વમળ સૌને ઉઠયા અને અરસપરસ જોઈ રહ્યા.

ત્યાં તો પુનઃ ગુરુનો સ્વર કર્ણપટ પર અથડાયો.

"પ્યારા શિષ્યો ! જરા પણ વિલંબ હવે કરવાનો નથી. મેં જે કહ્યું છે તે પૂરા વિચાર કર્યા પછી જ કહ્યું છે. મને અંતરનાદ સંભળાયો છે એને પાછો ઠેલી શકાય તેમ નથી. એથી આ નવીન ક્ષેત્રમાં વિચરવાનુ કાર્ય બંધ પડે છે. જણાય છે કે એ કાર્ય કોઈ બીજો હાથે ઉપાડશે. 'અંજલિ જળ જ્યું આયુ ઘટત હૈ' એનો જ જાણે ઇસારો ન હોય એમ મને ગઈ રાત્રિના જ્ઞાનોપયોગ અને સ્વપ્નથી અચાનક જણાઇ આવ્યું છે. તેથી બને તેટલી શીઘ્રતાથી પાટલીપુત્ર પહોંચવાનો અને સંગીન ખભાઓ પર શાસનધુરાનો ભાર મૂકવાનો આદેશ થયો છે ! એ ખભાઓના પણ દર્શન થયા છે. તમોએ મને જાગ્રત કર્યો ત્યારે હું પ્રમાદમાં ન હતો પણ એ મધુરી સ્મૃતિનો રહ્યો-સહ્યો આસ્વાદ લઇ રહ્યો હતો."

વાતના અંકોડા મળી ગયા છે, પ્રતિષ્ઠાનપુરથી આચાર્યશ્રી નીકળી ચૂકેલા અને દક્ષિણ દિશામાં જ્ઞાનપ્રચાર કરતા ઠીક ઠીક આગળ વધેલા-ત્યાં પેલા પથિકનો મેળાપ થયો. એને ઉત્તર દેવા નિમિત્તે જ્ઞાનોપયોગ મૂકયો. એમાં જે ઝાંખી થઇ તેથી સૂરિજીને સમજાયું કે મારું આયુષ્ય થોડું છે ને મહત્ત્વનું કામ બાકી છે. એ માટે પાટલીપુત્ર સત્વર પહોંચવું જોઇએ. પટ્ટધર બેલડીનો પૂર્વાર્ધ પાટલીપુત્રમાં જ સમાપ્ત થવાનો હોવાથી એ દિશામાં આપણે મીટ માંડવી રહી.

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલીતાણા

## સં. ૧૯૯૯ના આસો તથા સં. ૨૦૦૦ના કાર્તિક-માગશરની પત્રિકા

**ધાર્મિક પ્રવૃત્તિઓઃ**—નિયમાનુસાર સામાયિક, આઠમ ચૌદશ પ્રતિક્રમણ, મુનિવંદન, પ્રભુપૂજા વિગેરે ક્રિયાઓ થયેલ છે. આસો માસમાં સ્વ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજીના કાળધર્મ નિમિત્તે ગંભીરાવાળા શેઠ છગનભાઈ લક્ષ્મીચંદ તરફથી પંચકલ્યાણક પૂજા, આંગી વિગેરેનો કાર્યક્રમ રાખ્યો હતો. આસો માસમાં ઓળીના દિવસોમાં ત્રણ દિવસ સઘળા વિદ્યાર્થીઓએ સાથે આયંબિલ કર્યાં હતાં. સં. ૨૦૦૦ ના કા. શુ. ૫ ના રોજ સંસ્થાની "કાંતિલાલ લાયબ્રેરીમાં" જ્ઞાનરચના કરવામાં આવી હતી. માગશર શુ. ૧૪ ના રોજ સઘળા વિદ્યાર્થીઓએ આયંબિલ કર્યું હતું.

**સિદ્ધાચળ યાત્રાઃ**—કારતક શુદિ ૧૫ તથા માગશર શુ. ૧૦ ના રોજ સઘળા વિદ્યાર્થીઓ યાત્રાર્થે ગયા હતા.

**ધાર્મિક પાઠશાળાઃ**—અમદાવાદનિવાસી શેઠ જમનાભાઈ ભગુભાઈ હા. શેઠાણી માણેકબેન તરફથી સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણના ખર્ચ માટે મૂળ રકમ અનામત રાખી વ્યાજ વાપરવા માટે રૂા. ૫૦૦૧) નું વચન મળ્યું છે.

**ગાંધી ચ. મો. વિદ્યાલયઃ**—સંસ્થામાં પોતાની સ્કુલ કરવા તથા કેલવણીનો વધુ વિકાસ કરવા અંગે મુંબઈ ફંડ શરૂ થતાં આ ખાતે લગભગ ત્રીશેક હજાર રૂા. થયા છે. કાયમી જ્ઞાનદાન અગર જ્ઞાનપરબની આ યોજનામાં હજુ સમાજના સહકારની ઘણી આશા છે.

| આવકઃ— | સં. ૧૯૯૯ | સં. ૨૦૦૦ | |
|---|---|---|---|
| | આસો | કાર્તિક | માગશર |
| શ્રી જ. નિર્વાહ ફંડ | ૩૦૯૧-૦-૦ | ૪૫૩-૦-૦ | ૧૬૨-૦-૦ |
| શ્રી ભોજન ફંડ | ૧૩૫૫-૦-૦ | ૨૪૪-૦-૦ | ૭૫-૦-૦ |
| શ્રી કેલવણી ફંડ | ૧૯૩-૦-૦ | ૨૫-૦-૦ | ૧-૪-૦ |
| શ્રી કાપડ ફંડ | ...... | ૫૮-૦-૦ | ...... |
| શ્રી સ્વા. ટ્રસ્ટ ફંડ | ૪૨૬૨-૦-૦ | ૨૪૦૭-૦-૦ | ...... |
| શ્રી દૂધ ફંડ | ૨૦૨-૦-૦ | ૨૦૨-૦-૦ | ૨૦૨-૦-૦ |
| શ્રી આંગી ફંડ | ૬૦૬-૦-૦ | ૧૦૧-૦-૦ | ...... |
| શ્રી દેરાસર ખાતે | ૧૬૫-૦-૦ | ૧૬-૦-૦ | ...... |
| ગાંધી ચ. મો. વિદ્યાલય ફંડ | ૨૯૫૭૩-૦-૦ | ...... | ...... |
| શ્રી લાયબ્રેરી ખાતે | ૫૧-૦-૦ | ...... | ...... |

**નૂતન વર્ષ બોણી**—દર વર્ષ મુજબ મુંબઈ, ભાવનગર, શીહોર તથા પાલીતાણાના જૈન ગૃહસ્થો તરફથી યોગ્ય રકમ બોણી તરીકે મળેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જમણવારઃ—**

| | | |
|---|---|---|
| ૧ શેઠ છગનલાલ લક્ષ્મીચંદ | વડું | આસો |
| ૨ ગાંધી વાડીલાલ ચતુર્ભુજ | મુંબઈ | ,, |
| ૩ શેઠ રવચંદ ત્રિભુવનદાસ | પુના | ,, |
| ૪ શેઠ હનુમાનસીંગજી લક્ષ્મીચંદજી | કલકત્તા | કાર્તિક |
| ૫ શેઠ ચુનીલાલ છગનલાલ | વીસનગર | ,, |
| ૬ શેઠ રતિલાલ જમનાદાસ દલાલ | અમદાવાદ | ,, |

**ભેટઃ—**શેઠ ધનરાજ કોચર ગામ બીકાનેર, કુંટનો નાસ્તો. બેન વજકુંવર માંગરોળ, જ. સિ. રકાબી ૧. શાહ પાનાચંદ ખેતાજી–નડોદ ધાર્મિક અભ્યાસની બુકો ૧૦.

**મુલાકાતઃ—**શેઠ છગનલાલ લક્ષ્મીચંદ–વડું, શ્રી નાગકુમાર નાથાલાલ મકાતી–વડોદરા, ગાંધી વાડીલાલ ચતુર્ભુજ–મુંબઈ, શ્રી હરિલાલ કીકાભાઇ–મુનીમ સાહેબ શેઠ આ. ક. પેઢી, શેઠ વનમાળીદાસ બેચરભાઇ, નગરશેઠ–પાલીતાણા, ગાંધી જમનાદાસ અમરચંદ–મુંબઇ, વેણીબેન પ્રેમચંદ–ભાવનગર, મૂળચંદભાઇ ચોક્સી–પાટણ, મોહનલાલ હરિભાઇ–અમદાવાદ, શેઠ સુખલાલ પાનાચંદ–વઢવાણકેમ્પ, શ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા–મુંબઇ, શ્રી બાબુલાલ પાનાચંદ–નડોદ, ગાંધી ગીરધરલાલ ગોવિંદજી તથા શા. નેમચંદ મૂળચંદ–શીહોર.

**પ્રકીર્ણઃ—શ્રી જૈન** શ્વે એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષામાં પચીશ વિદ્યાર્થીઓ બેઠા છે. હિન્દી ભાષાની પરીક્ષામાં અગિયાર જણા બેઠા હતા. અગિયાર પાસ થયા છે.

**પંચાંગમાં ફેરફારઃ—**દાતાઓ તથા અન્ય બન્ધુઓને મોકલેલા અમારા પંચાંગોમાં નીચે મુજબ ફેરફાર કરવા વિનંતિ છે.

(૧) વૈશાખ વદિ ૭ ને બદલે ૬ નો ક્ષય ગણવો (૨) જેઠ વ. ૧૦ ને બદલે ૯ નો ક્ષય (૩) અશાડ વદિ ૩ ને બદલે ૧ નો ક્ષય (૪) શ્રાવણ વદિ ૬ ને બદલે વદિ ૪ નો ક્ષય (૫) શ્રાવણ વ. ૫ બુધવારે પંદરનું ઘર જણાવેલ છે તેને બદલે વદ ૬ ને બુધવાર.

અમારી સંસ્થાના સહાયકો, શુભેચ્છકો વિ.ને પંચાંગ તથા રિપોર્ટ મોકલવામાં આવેલ છે. શીરનામાના અભાવે અગર ફેરફારના કારણે જો કોઇને ન મળેલ હોય તો અમોને જરૂર લખી જણાવવું.

> સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે હજુ મોટી રકમની જરૂર છે. તિથિ ફંડમાં તેમજ છુટક ભોજન ફંડમાં જરૂરી મદદ આપી એક સો બાળકોના આશીર્વાદ આવી અસહ્ય મોંઘવારીમાં જરૂર લેશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બે સભાસદોનું ખેદકારક પંચત્વ

### ૧. શેઠ હરજીવનદાસ દીપચંદ

સંવત ૧૯૩૨ માં તેમનો જન્મ થયો હતો. સદ્‌ગત સ્પષ્ટ વક્તા, માયાળુ અને સરલ સ્વભાવી હતા. સમાજના કાર્યોમાં આગળ પડતો ભાગ લેતા. શ્રી ઉજમબાઇ કન્યાશાળા તેમજ શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી તરીકે તેમણે વર્ષો સુધી સેવા કરી છે. આ ઉપરાંત જૈન ભોજનશાળા, પાંજરાપોળ, પાલીતાણા ગુરુકુળ વગેરે સંસ્થાઓમાં પોતાનો સારો સેવા-ફાળો અર્પણ કર્યો. એક સારા વ્યાપારી તરીકે પણ પ્રતિષ્ઠા મેળવી હતી. આપણી સભાના કાર્યથી રંજિત થઇ તેઓ ઘણા ય વર્ષોથી સભાના આજીવન સભ્ય બન્યા હતા.

પોષ વદિ ત્રીજ ને ગુરુવારના રોજ તેમના નીપજેલા શોકજનક અવસાનથી અમે દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને તેમના પુત્ર નાનુભાઇ, નગીનદાસ, રમણીકલાલ, જશવંત તેમજ અન્ય કુટુંબીજનો પર આવી પડેલ આપત્તિમાં હમદર્દી દર્શાવી સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

### ૨. ગોવીંદલાલ ગાંડાલાલ ગુંદીગરા

અત્રેની સંતોકબાઇ વીવીંગ અને સ્પીનીંગ ફેકટરીના સ્વર્ગસ્થ માલીક હતા. મૂળ વતન ભાવનગર છતાં જીવિકાર્થે તેઓ બીયાવર ગયેલા અને ગરીબીમાંથી આપબળે આગળ વધી તેઓ લક્ષ્મીપતિ બનેલા. પ્રતિષ્ઠાના મોહ કરતાં મૂંગી સેવા કરવાની તેમની ભાવના રહેતી. તેઓ ભાવસાર જ્ઞાતિના હતા અને આ પછાત કોમને આગળ લાવવા તેમનો પ્રયાસ રહેતો. તેમનો જન્મ ૧૯૩૯ ના ભાદરવા શુદિ ૧૫ ના રોજ થયો હતો. ટૂંક માંદગી ભોગવી પોસ વદિ ૬ ના રોજ તેઓ સ્વર્ગવાસી થયા છે.

આપણી સભાના કાર્યથી આકર્ષાઇ તેઓ ઘણા વર્ષથી સભાના આજીવન સભ્ય થયા હતા અને સભા પ્રત્યે પૂર્ણ પ્રેમ દાખવતાં. પાલીતાણાખાતે ભાવસાર ધર્મશાળા, વડવામાં સંતોકબાઇ પાઠશાળા અને આયંબિલશાળા તેમની સખાવતનાં ફળ છે. આ ઉપરાંત મહિલા વિદ્યાલય, માનવરાહત સમિતિ, બંગાળ રાહત ફંડ, ગૌશાળા, પાંજરાપોળ વિગેરે સંસ્થામાં તેમનો સખાવતી હાથ લંબાતો. વડવામાં આયંબિલશાળાને કાયમી બનાવવા એક મકાન લગભગ રૂા. ૫૦૦૦૦) નું અર્પણ કર્યું છે અને તેનું ટ્રસ્ટડીડ પણ કર્યું છે. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમની ધર્મપત્ની સંતોકબહેન વિગેરે આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ.

## નવા સભાસદોનાં નામ

| | | |
|---|---|---|
| ૧. શાહ દેવચંદ ગુલાબચંદ | મુંબઇ | લાઇફ મેમ્બર |
| ૨. ભાવસાર હરિચંદ ત્રિભોવન | ભાવનગર | ,, |
| ૩. શાહ શાંતિલાલ ફતેહચંદ | મુંબઇ | વાર્ષિક મેમ્બર |
| ૪. શાહ જીવરાજ લક્ષ્મીચંદ | ,, | ,, |
| ૫. શાહ ગુણવંતરાય ચંદુલાલ | ,, | ,, |
| ૬. શાહ હીરાલાલ મણિલાલ | અમદાવાદ | લાઇફ મેમ્બર |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મંગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મંગાવનારને જણાવવાનું કે-સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

---

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોક સંખ્યા સાત હજાર છે. કિંમત રૂા. ૬। રાખેલ છે તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

---

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

---

# पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

હિંદી સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન-પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂા. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

---

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા.

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only